ઉત્તરાખંડના હરિદ્વાર જિલ્લાના લકસર તાલુકામાં ગુરુવારે વહીવટીતંત્રે એક મસ્જિદના કથિત ગેરકાયદે બાંધકામને તોડી પાડ્યું હતું. લકસરના તહસીલદાર પ્રતાપ સિંહ ચૌહાણે જણાવ્યું કે, વિસ્તારમાં બનેલી આ મસ્જિદમાં ખાલી પડેલી જાહેર જમીન પર ગેરકાયદે બાંધકામ કરવામાં આવી રહ્યું હતું, જેને દૂર કરવામાં આવ્યું છે. લાંબા સમયથી વિવાદિત આ મસ્જિદમાં ચાલી રહેલા બાંધકામના કામ સામે હિન્દુ જાગરણ મંચે વિરોધ પણ કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ સંબંધમાં ફરિયાદ મળ્યા બાદ પ્રશાસને બિલ્ડરોને મસ્જિદમાં ગેરકાયદે બાંધકામ બંધ કરવા કહ્યું હતું પરંતુ તે પછી પણ બાંધકામ બેરોકટોક ચાલુ રહ્યું હતું. તહસીલદારે જણાવ્યું કે જ્યારે ના પાડવા છતાં પણ મસ્જિદમાં ગેરકાયદે બાંધકામ બંધ ન થયું તો પ્રશાસને ભારે પોલીસ દળની હાજરીમાં તેને તોડી પાડ્યું. લોકોએ સ્થળ પર બાંધકામ હટાવવાનો વિરોધ કર્યો હતો, પરંતુ સ્થળ પર ભારે પોલીસ દળની હાજરીમાં વહીવટીતંત્રે ગેરકાયદે બાંધકામ દૂર કર્યું હતું.

## ૫૦ મહિલાઓને ફસાવીને તેમની પાસેથી પૈસા પડાવનાર ઠગ ઝડપાયો

। નવી દિલ્હી, તા.૨૦ ।

એક ચોંકાવનારા કિસ્સામાં દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમે મહિલાઓ સાથે છેતરપિંડી કરી તેમની પાસેથી પૈસા પડાવી લેનારા આરોપીની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ મુકીમ ખાન તરીકે થઈ છે, જે મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાનો રહેવાસી છે. મુકીમ ખાન સોશિયલ મીડિયા પર મહિલાઓ સાથે મિત્રતા કરી તેમની સાથે લગ્ન કરવાનું વચન આપતો હતો અને મહિલાઓનો વિશ્વાસ જીતીને તેમની પાસેથી પૈસા પડાવી ફરાર થઈ જતો હતો. મુકીમ મહિલાઓ સામે પોતાને અધિકારી તરીકે રજૂ કરતો હતો. અને પોતાની



પત્નીનું મૃત્યુ થઈ ગયું હોવાની ખોટી વાતો કહેતો હતો. સૌથી ચોંકવનારી વાત એ છે કે તેણે કુલ ૫૦ મહિલાઓને ફસાવીને તેમની પાસેથી પૈસા પડાવ્યા હતા. જેમાં એક મહિલા જજ પણ સામેલ છે. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે મુકીમની જાસો આપી ખોટા બહાના કાઢી મહિલાઓ પાસેથી પૈસા પડાવવાના આરોપમાં ધરપકડ કરી હતી. આરોપીએ મેટ્રિમોનિયલ વેબસાઈટ્સ પર પોતાની નકલી ઓળખ સાથે અનેક એકાઉન્ટ્સ બનાવ્યા હતા અને મહિલાઓને ખોટા વચનો આપી પોતાના જાળમાં ફસાવતો હતો. એક અહેવાલ અનુસાર મુકીમ ખાન ૧૦મું પાસ છે, અને તે દિલ્હીના શાસ્ત્રી પાર્કમાં રહેતો હતો.

ધરપકડ બાદ ખાને પોલીસને જણાવ્યું હતું કે, હું લગ્ન માટે અપરિણીત, વિધવા અને છૂટાછેડા લીધેલી મુસ્લિમ મહિલાઓને નિશાન બનાવતો હતો. અને પછી સરકારી અધિકારી હોવાનો ઢોંગ કરતો હતો, અને તેમની સાથે મિત્રતા કરીને ખોટી વાર્તા કહેતો હતો કે, મારી પત્નીનું મૃત્યુ થયું છે. અને હું મારી પુત્રીની સંભાળ રાખવા માટે તમારી સાથે લગ્ન કરવા માંગું છું.

હકીકતમાં મુકીમ ખાન પરિણીત છે, અને તેને ત્રણ બાળકો પણ છે. મુકીમ મહિલાઓને પોતાની પત્ની અને પુત્રીની તસવીરો દેખાડતો હતો. ત્યારબાદ તે મહિલાના પરિવારને મળીને લગ્નની તારીખ નક્કી કરતો હતો. એકવાર વિશ્વાસ થઈ ગયા બાદ તે લગ્ન હોલ બુક કરવા અથવા લગ્નના અન્ય ખર્ચ માટે પૈસા માંગતો અને પછી ભાગી જતો હતો. પૂછપરછ દરમિયાન તેણે ખુલાસો કર્યો હતો કે તેણે ઉત્તર પ્રદેશની એક મહિલા જજને પણ પોતાના જાસામાં ફસાવી હતી.

## તંત્રી લેખ...

# હિઝબુલ્લાહે કર્યુ યુદ્ધનું એલાન, સમગ્ર વિશ્વ ચિંતિત

લેબેનોનના આતંકવાદી જૂથ હીઝબુલ્લાહે ઈલેકટ્રોનિક વિસ્ફોટનો શિકાર બન્યા પછી ઈઝરાયેલ સામે જંગના એલાનની જાહેરાત કરી છે. તેના પગલે સમગ્ર વિશ્વમાં ચિંતાનું વાતાવરણ ફેલાઈ ગયું છે. તેણે જણાવ્યું હતું કે ઈઝરાયેલે લક્ષ્મણરેખા વટાવી દીધી છે. હવે આ યુદ્ધ ફકત ઈઝરાયેલ અને લેબનોનની સરહદ પૂરતું જ સીમિત રહ્યું નથી, પરંતુ બંને દેશના ગમે તે હિસ્સામાં તેની અગ્નિ જ્વાળાઓ જોવા મળી શકે છે. ઈઝરાયેલ હીઝબુલ્લાહના વળતા હુમલાનો સામનો કરવા તૈયાર રહે. નસરલ્લાહે જણાવ્યું હતું કે અમે સ્વીકાર્યુ છે કે આ હુમલાથી અમને જબરદસ્ત ફટકો પડયો છે. અમે તેની તપાસ પણ કરી રહ્યા છીએ. પણ અમે તેનો વળતો જવાબ આપીશું તેના નિવેદનનો પડઘો પાડતાં હોય તેમ હીઝબુલ્લાહે ઈઝરાયેલ પર વળતો પ્રહાર કરતાં મોટાપાયા પર રોકેટમારો કર્યો હતો.આ ઉપરાંત તેણે ઈઝરાયેલના લશ્કરી સ્થળોને લક્ષ્યાંક બનાવીને ડ્રોન હુમલો કર્યો હતો. હીઝબુલ્લાહે જણાવ્યું હતું કે ઉત્તર ઈઝરાયેલના દસ હજારથી વિસ્થાપિતો ક્યારેય તેમના ઘરે પરત નહીં ફરી શકે. ગાઝામાં જે રીતે લોકો વિસ્થાપિત થયા છે તે રીતે ઈઝરાયેલના લોકોને પણ અમે વિસ્થાપિત કરીશું.ઈલેકટ્રોનિક બ્લાસ્ટ પછી હીઝબુલ્લાહે કરેલા હુમલામાં ઈઝરાયેલના બે સૈનિકોના મોત થયા છે. તેના લીધે ઈઝરાયેલે પણ સ્વીકાર્યુ છે કે હવે યુદ્ધનો વ્યાપ વિસ્તરી શકે છે અને તેણે વ્યાપક સ્તરે લશ્કરી કાર્યવાહી કરવી પડી શકે છે. ઈઝરાયેલ લેબનોનમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટો કરી હીઝબુલ્લાહના ૪૦ આતંકવાદીઓને ઠાર કર્યા અને પાંચ હજારથી વધુને ઈજાગ્રસ્ત કરી દીધા છે. આ અંગે ન્યૂયોર્ક ટાઈમ્સનો દાવો છે કે આતંકવાદી સંગઠન હીઝબુલ્લાહ ઈઝરાયેલની સાઈબર જાળમાં ફસાઈ ગયું. હીઝબુલ્લાજે જે પેજર ખરીદ્યા તે તાઈવાનની એપોલો ગોલ્ડ કંપનીના ન હતા. તેને મોસાદના અધિકારીઓએ હંગેરીમાં તે જ કંપનીમાં બનાવ્યા હતા જેને હીઝબુલ્લાહ તાઈવાનીઝ કંપની સમજતું હતું. હીઝબુલ્લાહને છેતરવા આ શેલ કંપની બનાવાઈ હતી. મોસાદે શેલ કંપનીઓ બાબતે જરા પણ શંકા ન જાય તેને લઈને આ પ્રકારની કંપનીઓનું જાળું ઊભું કર્યુ હતું. મોસાદે આ માટે વર્ષો પહેલાં જ આયોજન કરી દીધું હતું. ૨૦૨૨ના વર્ષથી જ હીઝબુલ્લાહ મોસાદની આ કંપની પાસેથી પેજર ખરીદતું હતું.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# સંતોષ એજ સુખનું મૂળ છે તેમ કહેવાય

**" સર્પા પિબન્તી પવનં ન ચ દુર્બલાસ્તે,**
**શુષ્કૈ તૃણૈ વનગજા બલિનો ભવન્તું.**
**કંદૈ ફલૈ મુનિવરાઃ ક્ષપયન્તિ કાલં,**
**સંતોષ એવ પુરૂષસ્ય પરં નિધાનમ્"**

ઉપરોક્ત સંસ્કૃત સુભાષિતમાં સંતોષનું મહત્વ બતાવવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે, દુનિયામાં દેવા જેવું કોઈ દુઃખ નથી અને સંતોષ જેવું કોઈ સુખ નથી. અને એટલેજ આપણી ગુજરાતી ભાષામાં કહેવત પડી છે કે'' સંતોષી નર સદા સુખી ''.મતલબ કે જે વ્યક્તિ સંતોષમાં માને છે, એ વ્યક્તિ કદીપણ દુઃખી થતો નથી.

ઉપરોક્ત સંસ્કૃત સુભાષિત જો આપણે વ્યવસ્થિત રીતે સમજીએ તો આપણને સંતોષ અંગેની ઝાઝી માહિતી મળશે. ઘણી વખત જંગલમાં વરસાદની મૌસમમાં સાપને કોઈ ખોરાક મળી શકતો નથી, પરંતુ તે પવન એટલે કે હવા શ્વાસમાં લઈને દિવસો સુધી ભુખ્યાં રહી શકે છે અને ખોરાક નહીં લેવાને કારણે દુબળા (શક્તિહીન) બનતાં નથી. જંગલમાં વસતાં મહાકાય હાથીઓ પાંદડાં અને સૂકું ઘાસ ખાઈને જીવન વિતાવે છે, છતાંય બળવાન બને છે અને કમજોર બનતાં નથી. આ ઉપરાંત વનમાં આરાધના કરતાં ઋષિ મુનિઓ, માત્ર કંદમૂળ અને ફળો ખાઈને સમય પસાર કરે છે અને પ્રભુમય બને છે. આ બધાં જ વ્યક્તિઓ પરમ સુખી છે કારણકે તેઓ સંતોષને જ પરમ સુખ માને છે. સંતોષમાં રહેનાર વ્યક્તિ ક્યારેય દુઃખી થતો નથી. કારણકે આવા લોકો જે મળ્યું છે એને પોતાનું ભાગ્ય સમજે છે અને એટલેજ ફિલ્મ જગતનાં બહું જાણીતા શાયર શ્રી સાહિર લુધિયાનવી એ દેવાનંદ અભિનિત ફિલ્મ હમદોનોમાં એક પંક્તિ લખી છે કે " જો મિલ ગયા ઉસી કો મુકદર સમજ લીયા, જો ખો ગયા મેં ઉસ કો ભુલાતા ચલા ગયા'' અહીં પણ કવિનો ગૂઢાર્થ સંતોષ તરફ જ છે કે, મને જે કાંઈ મળ્યું છે એને હું મારૂં ભાગ્ય (મુકદ્દર) સમજું છું અને જે હાથથી જતું રહ્યું છે એને હું ભુલી જાઉં છું, મતલબ કે એનો ગમ કરતો નથી. કિશોરકુમારે પણ પોતાના એક કોમેડી ગીતમાં સંતોષનો મહત્વ બતાવેલ છે " રજધન, ગજધન, રાજધન, અનાજધન, લાલ રતન ધન ખાન રે, આયો રે જબ સંતોષ ધન બાબા, સબ ધન ધૂલ સમાન રે'' મતલબ કે સંતોષ એ એક એવું ધન છે કે એની આગળ તમામ ધન વામણાં અને ધૂળ સમાન સાબિત થાય છે. ગુજરાતી સાહિત્યના મશહૂર ગઝલકાર જનાબ અમૃતલાલ ''ઘાયલ'' સાહેબ પોતાની એક ગઝલનાં કાફીયામાં સંતોષ વિશે જણાવતાં લખે છે કે " નથી સંતાપ (દુઃખ) છો ખુબી નથી એકેય મારામાં, મને સંતોષ છે, હું ખાનદાની લઈને આવ્યો છું''. અમૃત સાહેબ કહે છે કે, ભલે મારા વ્યક્તિત્વમાં એકપણ ખુબી કે આવડત નથી, છતાં મને એ બાબતનું લેશમાત્ર દુઃખ કે સંતાપ નથી, કારણકે મારી પાસે મારી ખાનદાની છે અને મને એનો સંતોષ છે. સંતોષી વ્યક્તિને કોઈ ઉચાટ કે ઉદ્વેગ હોતો નથી. એવું પણ નથી કે દુનિયામાં બધાં જ વ્યક્તિઓ સંતોષી હોય છે, ઘણાં વ્યક્તિઓ વિઘ્નસંતોષી પણ હોય છે, એમનાથી કોઈનું સુખ જીરવાતું નથી અને સામા વ્યક્તિનાં સુખમાં આડખીલીઓ ઊભી કરે છે. ઘણાં તો એટલી હદે બળેલાં હોય છે કે સામાનો મહેલ જોઈને પોતાની ઝૂંપડી પણ તોડી નાંખે છે.

ટૂંકમાં તમે જીવનમાં જેટલો સંતોષ રાખશો એટલાં જ સુખી થશો. સુખની ચાવી તમારા પોતાના હાથમાં જ છે એને ક્યાંયે શોધવાની જરૂર નથી. આમ ક્યારેક નાનાં સુભાષિતો આપણને સારો અને સાચો બોધપાઠ શીખવી જાય છે.

**ભીક્ષા ભાવ એટલે જે પીરસાયું હોય એમાં પસંદ ના પસંદ કર્યા વગર કે કંઈ ત્રૂટિ કાઢ્યાં વગર જમી લેવું**

# તલગાજરડી આંખે કહું તો સ્વયં રુદ્રાષ્ટક એ શિવની અષ્ટમૂર્તિ છે અને રુદ્રાષ્ટકમાં એનો ઉલ્લેખ છે, એટલે કે રુદ્રાષ્ટક અષ્ટમૂર્તિ છે





**સદ્‌ગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ઉપવાસી એટલે ભીખ માંગીને ખાય છે, અને શાસ્ત્ર કહે છે જે ભિક્ષા ગ્રહણ કરે એ નિત્ય ઉપવાસી છે, તમે એકવાર બે વાર ચાર વાર તમારા જઠરની ક્ષમતા અનુસાર જેટલું જમો પરંતુ જ્યારે જમવું ત્યારે પ્લીઝ ભિક્ષા ભાવથી જમો, ઉપવાસી થવા માટે માત્ર ભિક્ષા ભાવ જ જરૂરી છે, શબ્દમાં બહુ બધી તાકાત હોય છે એટલે ભિક્ષા ભાવથી ભોજન કરી રહ્યા છીએ એવો ભાવ રાખવાથી આપણે નિત્ય ઉપવાસી થઈએ છીએ, ઉપનિષદ પણ કહે છે ભિક્ષા હારો નિરાહારો.**

ગ્વાલિયરની માનસ મહેશની પાંચમા દિવસની કથામાં પ્રવેશ કરતા પૂજ્ય બાપુએ કહ્યું કે ગઈકાલે આપણે વાત કરી હતી કે મહેશ મહત્તમ તત્વ છે. આજે આપણે મહેશ શબ્દના એ ત્રણ અક્ષર બ્રહ્મનુ અલગથી ચિંતન કરીશું. મહેશ માં 'મ' કારનો અર્થ મમતા થાય છે! હે નામના સવા અક્ષરનો અર્થ થાય છે હેમતા! એટલે કે સ્વર્ણિમતા! આ અર્થ મારો નથી, મહા કવિ ભારવિનો છે હેમ એટલે સુવર્ણ અને એ જ રીતે હેમતા એટલે સુવર્ણિમ. 'શ' કારનો અર્થ શીતલતા. હેમતા એટલે કે કાટ ન લાગે એવી શીતળ મમતા! પાર્વતીનું એક નામ હેમા પણ છે. મમતા બહુ સુંદર શબ્દ છે, અને એનાં બે આયામ છે, એક સંસારની મમતા અને બીજી સંસાર બનાવનાર પ્રત્યે. સંસારની મમતાને કાટ લાગે છે, એટલે કે બંધનમાં બાંધે છે જ્યારે હરિ તરફની મમતા હરિને બાંધે છે, એને આપણી તરફ ખેંચે છે. માનસમા લખ્યું છે.

**સબ કે મમતા તાગ બટોરી,**
**મમ પદ મનહિ બાંધ બરી ડોરી.**

ભગવાન રામ એ કહ્યું મમતાની બધી દોરીને મારા પગમાં બાંધી દે, પછી તું એ દોરીથી મને ખેંચીશ તો હું ખેંચાઈ આવીશ, હું પરવશ થઈ જઈશ, હું તારા બંધનમાં આવી જઈશ. મહેશનો એક અર્થ એ થાય છે કે એવી કાટ મુક્ત મમતા કે જે સાધકને સદા શીતળતા આપે, ઠંડક આપે અથવા પ્રસન્નતા આપે છે. જે શૈત્ય આપે છે, જે આપણને નિષ્કલંક રાખે, સંલગ્ન રાખે એનું નામ મહેશ છે. વિનોબાજી એ ભક્તિ દર્શનમા સાધકના દસ લક્ષણ ગણાવ્યા છે, સભી સયાને એક મત. બુદ્ધ પુરુષ કોઈ દિવસ પોતાના આશ્રિતના અપરાધ ગણાવતા નથી. પ્રગટ ન કહેઉ મોર અપરાધ. આપણાં કેટલાંય અપરાધને માફ કરી દે છે.

**તો સાધકના દસ લક્ષણ,**

(૧): શ્રી રામચંદ્રમ શરણં પ્રપદ્યે. શ્રી રામદૂત શરણં પ્રપદ્યે. શ્રી કૃષ્ણ શરણમ મમ શ્રીકૃષ્ણ શરણમ મમ. અમને સાધુ ચરણમાં વાસ દેજો એટલે કે શરણાગતિ જ માગી છે. પ્રેમ એક બાજુથી સમર્પણ કરે છે, બદલો નથી માંગતો માંગણી નથી કરતો. (૨) વિનોબાજી ફરમાવે છે કે સાધક શ્રદ્ધાભવન હોવો જોઈએ જેમની પાસે જ્ઞાન હોય એને જ્ઞાનવાન, બળ હોય એ બળવાન વિદ્યા હોય એ વિદ્યાવાન, અને ભગવાન શંકર પાસે શ્રદ્ધા છે, તો એ શ્રદ્ધાવાન! કારણ કે પાર્વતી શ્રદ્ધા સ્વરૂપ માની ગઈ છે. ભવાનીશંકરો વંદે શ્રદ્ધા વિશ્વાસ રૂપિણૌ. (૩) આજ્ઞા પાલકતા એટલે કે પરમાત્માના સેવક જે એમની આજ્ઞાનું પાલન કરે. જે રૂપમાં આજ્ઞા આપી હોય એ રૂપમાં પાલન કરે. સાધકો શાસ્ત્ર કે સદગુરુ વચનનું પોતપોતાના મનમાન્યા ભાષ્ય કરે, એટલે ગડબડ થઈ જાય છે. આજ્ઞા સમ ના સુસાહિબ સેવા. મહાદેવ આજ્ઞા પાલક છે,

**સિરધરિ આયસુ કરિઅ તુમ્હારા,**
**પરમ ધરમ યહ નાથ હમારા.**

(૪) સાધકનું ચોથું લક્ષણ સત્યવાસી છે, ભક્ત સાધક કે આશ્રિત સત્યવાસી હોવો જોઈએ, એ સત્યવાદી હોય સત્ય વક્તા હોય, એ બહુ જરૂરી છે. પાર્વતી કહે છે, શંભુ વચન પુનિ મૃષા ન હોઈ. એ કહે છે મારા મનમાં વાત ઉતરે કે ના ઉતરે પરંતુ મારા મહાદેવ જે બોલે છે, એ ક્યારેય જૂઠ નથી હોતું. વ્યાસપીઠ કહે છે સત્ય ત્રણ આયામથી પ્રવર્તે છે, સત્ય પ્રિય અને હિત! પહેલું એ સત્ય હોવું જોઈએ, બીજું સત્ય પ્રિય હોવું જોઈએ, અને ત્રીજું સત્ય સૌનું હિત કરનારું હોવું જોઈએ. (૫) સાધકનું પાંચમું લક્ષણ ધીર છે, એટલે કે વાત વાતમાં અટવાઈ ન જાય બેકી ન જાય વિકસિત ન થઈ જાય પરંતુ ધૈર્ય કે ધીર ધરે એવો સાધક હોવો જોઈએ. ચલી ન અચલ સમાધિ શિવ કોપેઉ હૃદય નિકેત. કામદેવનું આટલું મોટું આક્રમણ છે છતાં પણ શંકરનું ધૈર્ય જુઓ. ૬)વિનોબાજી સાધકનું છઠ્ઠું લક્ષણ વિવેક અથવા શીલ બતાવે છે. જેને ત્રણ રીતે જોઈ શકાય, વિનીત વિનય અને વિનમ્રતા, એટલે આ ત્રણેય રીતે વિવેક બરકરાર રહેવો જોઈએ. સતી એ કેટલી એ વાર ભૂલ કરી છે, પરંતુ ભગવાન છે એ પોતાનો વિવેક પોતાની વિનમ્રતા પોતાની સાધુતા ચુક્યા નથી, અને નિભાવતા આવ્યા છે, અને એ પણ હસતા હસતા. આપણે સાચા હોઈએ તો પણ બીજાને બતાવવાની ચેષ્ટા ન કરવી જોઈએ, અને બીજા ખોટા છે એવું જતાવાની પણ ચેષ્ટા થાય, ત્યારે સત્ય કમજોર થાય છે, સત્યને રામ એટલે કે ઈશ્વર કહ્યાં છે, એ સ્વયં સર્વસમર્થ છે, એ ન ભૂલવું જોઈએ. ૭)વિનોબાજીએ સાધકનું સાતમું લક્ષણ દાની બતાવ્યું છે, શિવ સમાન દાતા કોણ? ''આશુતોષ તુમ અવઢર દાની'' શંકરનાં ઘરમાં કંઈ નથી, પરંતુ બીજાને આપતા જ જાય છે. શિવ મહાદાની છે અમૃત બીજાને આપી દે છે, અને વિષ પોતે પીવે છે, એનાથી મોટા કોઈદાની નથી. શિવ બહુ મોટા દાની છે. (૮) વિનોબાજી સાધકનું આઠમું લક્ષણ ઉપવાસી કે વ્રતધારી હોવું એ બતાવે છે.

**શિવ સમ કો રઘુપતિ વ્રત ધારી,**
**બિનુ અઘ તજી સતી અસિ નારી.**

ઉપવાસી એટલે ભીખ માંગીને ખાય છે. અને શાસ્ત્ર કહે છે જે ભિક્ષા ગ્રહણ કરે એ નિત્ય ઉપવાસી છે. તમે એકવાર બે વાર ચાર વાર તમારા જઠરની ક્ષમતા અનુસાર જેટલું જમો પરંતુ જ્યારે જમવું ત્યારે પ્લીઝ ભિક્ષા ભાવથી જમો, ઉપવાસી થવા માટે માત્ર ભિક્ષા ભાવ જ જરૂરી છે. શબ્દમાં બહુ બધી તાકાત હોય છે એટલે ભિક્ષા ભાવથી ભોજન કરી રહ્યા છીએ એવો ભાવ રાખવાથી આપણે નિત્ય ઉપવાસી થઈએ છીએ. ઉપનિષદ પણ કહે છે ભિક્ષા હારો નિરાહારો. ભીખ માંગી બહુ ખાઈ. ભીક્ષા ભાવ એટલે જે પીરસાયું હોય એમાં પસંદ ના પસંદ કર્યા વગર કે કંઈ ત્રૂટિ કાઢ્યાં વગર જમી લેવું. ૯)વિનોબાજી સાધકનું નવમું લક્ષણ શીલ રક્ષક બતાવે છે. શિવજી શીલ ને નિભાવનારા છે, બળવાન હોવું એ સારી વાત છે, પરંતુ શીલ વગરનું બળ પ્રાણ વગરના દેહ જેવું છે. અમારી ગંગા સતી કહે છે, શીલવંત સાધુને વારેવારે નમીએ પાનબાઈ. ૧૦) વિનોબાજી સાધકનું દસમું લક્ષણ ઈશ સ્મરણ શીલતા બતાવે છે. નિરંતર પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરવું એ સાધકનું દસમો અને છેલ્લો લક્ષણ છે મહાદેવ પોતાના ઈષ્ટદેવ રામનું નિરંતર સ્મરણ કરે છે. પાર્વતી પણ કહે છે કે સ્વામી આપ નિરંતર રામ નામનું સ્મરણ કરો છો.

**તુમ પુની રામ રામ દિન રાતી,**
**સાદર જપહુ અનંગ આરાતી.**
**ભારદ્વાજ મુનિ પણ કહે છે કે**
**સંતત જપત શંભુ અવિનાશી,**
**શિવ ભગવાન જ્ઞાન ગુન રાશિ.**

તો શિવમાં આ દસેય લક્ષણ સિદ્ધ થાય છે. શિવ શરણાગત છે શિવ શ્રદ્ધાવાન છે, શિવ આજ્ઞા પાલક છે, શિવ સત્યવાસી છે, શિવ ધૈર્યવાન છે, શિવ વિવેક શીલ છે, શિવ દાતા એટલે કે મહાદાની શિવ વ્રત ધારી કે ઉપવાસી છે. શિવ શિવ રક્ષક છે અને શિવ સ્મરણશીલ છે. આ ઉપરાંત શિવ અષ્ટમૂર્તિ છે અને રુદ્રાષ્ટકમાં એનો ઉલ્લેખ છે, એટલે કે રુદ્રાષ્ટક અષ્ટમૂર્તિ છે, અને એ રીતે જોઈએ તો રુદ્રાષ્ટક સ્વયં શિવ છે, ભલે એ વાગંડમય મૂર્તિ છે. શિવની અષ્ટમૂર્તિની ગણતરી કરી લઈએ.

૧) રુદ્રમૂર્તિ, રુદ્ર ભય વાચક નથી, સાધકની આજુબાજુ અમુક અભદ્ર તત્વ આવવા લાગે છે ત્યારે તેને મહાદેવની જે મૂર્તિ દેખાય છે એ રુદ્ર છે એ જોઈને અભદ્ર તત્વ ભાગી જાય છે.

૨) ભૈરવ મૂર્તિ જેનો ઉલ્લેખ તુલસીદાસજીએ વિનય પત્રિકામાં ભૈરવ શિવ સ્તુતિમાં કર્યો છે.

૩) ત્રીજી મૂર્તિ મંગલમૂર્તિ છે, હનુમાન જેને મંગલમૂર્તિ કહેવાયા છે.

૪) અમંગલ મૂર્તિ તુલસી શિવ માટે કહે છે સાજ અમંગલ મંગલ રાસી. એટલે કે બહારથી જે અમંગલ રૂપ દેખાય છે નંગ ધડંગ છે, સર્પ લપેટ્યા છે.

૫) બોધ મૂર્તિ, શિવ બોધ રૂપ છે જેવી રીતે રામ ચિદાનંદ છે શંકર બોધ મય છે.

૬) ગુરુ મૂર્તિ તુમ ત્રિભુવન ગુરુ વેદ બખાના.

૭) દક્ષિણા મૂર્તિ કે જે જગતગુરુ શંકરાચાર્ય શંકરને આરાધ્ય બનાવ્યા.

૮) શાંત મૂર્તિ.

મગન ધ્યાન રસ દંડ જુગ પૂનિમન બાહેર કિન્હ તો આ છે શિવ અષ્ટમૂર્તિ. પછી કેટલાક પ્રશ્નોના ઉત્તર આપીએ બાપુએ પાંચમા દિવસની કથાને વિરામ આપ્યો.

**વર્તમાનની જમીન પર પાયો નાખવાથી, ભવિષ્યનું નિર્માણ શક્ય તેથી, ભવિષ્યનું નિર્માણ કરવા માટે, ભૂતકાળમાંથી શીખવું**

# કોઈએ ભૂતકાળનો શોક ન તો ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરવી જોઈએ, જેઓ વર્તમાનનો સારો ઉપયોગ કરે છે તે અસાધારણ લોકો છે





**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આપણે ભૂતકાળ પર કોઈ ભાર નથી અને ભવિષ્ય વાસ્તવમાં, "જે થયું તેને ભૂલી જાઓ હવે પછીનું સુધારી લો" એ માત્ર એક કહેવત નથી, પણ સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવાનો એક ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ છે, જેનાથી ભૂતકાળને ભૂલીને ભવિષ્ય જીવવાની પ્રેરણા મળે છે.**

આજકાલ ચારેબાજુ કાળઝાળ મોંઘવારી બેરોજગારીથી પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ છે. શિક્ષિત બેરોજગાર યુવાધન એનકેન પ્રકારે સમય વેડફી રહયા છે. ગૃહસ્થો સન્યાસીઓ ભૂતકાળની ઘટના ઓને વાગોળી ભવિષ્યમાં શું થશે તે બાબતે ચિંતીત છે. ગૃહિણીઓ લસણના વધતાં ભાવથી વિહવળ છે કેમ ખરું ને?? આવી નાના કારણે વર્તમાન સમયને સારી રીતે જાણી કે માણી શકતા નથી ત્યારે આચાર્ય ચાણક્યજીએ બહુ સરસ કહ્યું છે કે "કોઈએ ભૂતકાળનો શોક ન કરવો જોઈએ,ન તો ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરવી જોઈએ. જેઓ વર્તમાનનો સારો ઉપયોગ કરે છે તે અસાધારણ લોકો છે. તેથી જ દરેક વ્યક્તિએ વર્તમાન નો સારો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આપણે ભૂતકાળ પર કોઈ ભાર નથી અને ભવિષ્ય - વાસ્તવમાં, "જે થયું તેને ભૂલી જાઓ હવે પછીનું સુધારી લો" એ માત્ર એક કહેવત નથી,પણ સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવાનો એક ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ છે,જેનાથી ભૂતકાળને ભૂલીને ભવિષ્ય જીવવાની પ્રેરણા મળે છે.આ કરવા માટે વર્તમાનની જમીન પર પાયો નાખવાથી, ભવિષ્યનું નિર્માણ પણ શક્ય છે. તેથી, ભવિષ્યનું નિર્માણ કરવા માટે, માણસે ભૂતકાળમાંથી શીખવું જોઈએ. વાસ્તવિકતાના આધારે સંપૂર્ણ પ્રયાસ કરવો જોઈએ. સત્ય એ છે કે ભૂતકાળ મરી ગયો છે, વાસ્તવિકતા સજીવ જીવંત છે, જ્યારે કલ્પનાની દુનિયા પાર્થના સહાયક તરીકે કામ કરે છે. બીતી તાહી બિસાર દે, આગીન સુધિ લાયા ચોક્કસપણે અજોડ શક્તિના રત્નોના રૂપમાં ત્રણેય ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના વ્યવસ્થિત સંચાલન તરફ નિર્દેશ કરે છે. અર્થ બહુ સ્પષ્ટ છે કે ભૂતકાળને ભૂલી જાવ,એ બધા વિદ્વાનોનું સત્ય જણાય છે કે સ્મૃતિ દાન છે, તેથી વિસ્મૃતિ એ એક પ્રકારનો પ્રસાદ છે. 'આગે કી સુધિ લે'શબ્દ ભવિષ્યની સુખા કારીનો સંકેત આપે છે. યુગોમાં પણ,આપણા આરાધ્ય દેવતાઓ એ શક્ય હોય ત્યાં સુધી અપ્રિય અથવા અત્યંત અપ્રિય પરિસ્થિતિઓને ભૂલી જવાનો સંદેશો ફેલાવ્યો છે, પછી તે સમય હોય કે ગુજરી રહેલી વ્યક્તિ. તેણે કર્યું છે અને ગયું છે, તે ફરી પાછો નથી આવતો,આ દષ્ટિકોણ થી સૂઈ જાઓ અને જુઓ, પછી ભૂતકાળ માટે પસ્તાવો જ નુકસાન કરે છે. કેટલાક વિદ્વાનો એ સાચું જ કહ્યું છે -ગતમ્ના શોચામિ કૃતમ ના મન્યે.''દિલગીર થવું રડવું, ધોવા વગેરે આવા કામ નકામા છે. કવિ તુલસીદાસજીએ સ્પષ્ટ લખ્યું છે-'' કા વરા જબ ખેતી સુકાઈને સમયથી પુની કા પચીતને.'' એક વાર સમય ચૂકી ગયા પછી ગમે તેટલો પસ્તાવો કરો તો પણ કોઈ ફાયદો નથી થઈ શકતો. સમયની ગતિને ઓળખી,તે પ્રમાણે વર્તવું અને આગળ વધવું એ જ સફળતાનો સાચો માર્ગ છે. પસ્તાવો એટલે એક ભૂલ બીજી ભૂલ કરવી.ભૂતકાળના અનુભવો માંથી ભગવાન કૃષ્ણ ચોક્કસપણે આપણને આવતી કાલનો માર્ગ બતાવે છે, આ ત્રણ, સત-રજ-તમ થી ઉપર ઊઠીને, રાજ્ય મુજબ સ્થિર અથવા કાયમી બુદ્ધિ સુધી પહોંચવા માટે. સંદેશ જણાવે છે. 'ભૂલી જવું'એ નકારાત્મક ઘટના ઓ અને આવા અન્ય દશ્યોના અંધકારમાંથી બહાર આવીને નવા પ્રકાશ સાથે ગંતવ્ય શોધવાનું એક સ્વરૂપ છે. આ માટે,ફક્ત ઉચ્ચ વિચાર, યોગ પ્રાણાયામ અને સક્રિયતાના જીવન માટે એક નવું પરિમાણ શરૂ કરવું પડશે. આ સંદર્ભમાં એક વિદ્વાને સાચું જ કહ્યું છેકે ભૂતકાળએ ભવિષ્ય ની પ્રયોગશાળા છે.વર્તમાન એ તમારી ભૂલો અને ભૂતકાળમાં થયેલી ભૂલોમાંથી બોધપાઠ લેવાનું અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ન કરવાનું પ્લેટ ફોર્મ છે. આ વાત પર નિશાન સાધતા 'ખલીલ જિબ્રાને' ખૂબ જ સચોટ રીતે કહ્યું છે -'ગઈકાલ આજની સ્મૃતિ છે અને આવતી કાલ આજનું સ્વપ્ન છે' આપણે ત્યાં કેટલીક વિચારધારાઓ પૂર્વજન્મમાં કે પુનર્જન્મમાં માનતી નથી. એમનું માનવું છે કે એકવાર જીવન શરૂ થઈ જાય અને જ્યારે પૂરું થાય એટલે જીવનનો ખેલ ખતમ થઈ જાય છે. પણ આપણી શાસ્ત્રીય પરંપરામાં પૂર્વજન્મ તથા પુનર્જન્મની અસંખ્ય વાતો છે. મારો નિજ મત જણાવું તો આપણી પુનર્જન્મ અને પૂર્વજન્મની પરંપરામાં ખૂબ જ શ્રદ્ધા ધરાવું છું. તેથી અમારી પાસે વર્તમાન છે. આ એક શૃંખલા છે. આપણને કશું ખબર ન હોય એ વાત આખી જુદી છે. આપણે જીવનમાં એવું ક્યારેય ન વિચારવું જોઈએ કે હું પહેલી વાર મનુષ્ય બનીને ધરતી ઉપર આવ્યો છું. તેથી જ આ સમયની એક-એક ક્ષણ ખૂબ જ આનંદથી પસાર કરવીજોઈએ ખરેખર, ચિંતા કરવામાં જે સમય વિતાવ્યો તે ડસ્ટબીનમાં ગયો અને વિચારવામાં વિતાવેલો સમય ખૂબ જ સુંદર તિજોરીમાં જમા થયો તેથી, આ સમય અપાર સંપત્તિનો, શોભાના અજોડ મોતી નો અને અમૃત સમાન જીવનનો જીવન દાતા ઉત્સવ છે,જેના દ્વારા આપણે માનવ જીવનને ઘણા અંશે ઉન્નત કરી શકીએ છીએ. માર્ક ટ્વેઈને' કહ્યું છે કે 'આપણી પાસે સૌથી મૂલ્યવાન વસ્તુ સમય છે. તેથી, તેનો ખર્ચ સમજીને અને આર્થિક રીતે કરવો જોઈએ. તે જ સમયે શ્રેષ્ઠ જીવન જીવવાનીકળા જાણી લો ભૂતકાળ શું થયું, તેને સતત વાગોળવાની કોઈ જરૂર નથી ભવિષ્યમાં શું થશે તેની ચિંતા છોડી કરશો તો રોગનો ભોગ બનશો માટે વર્તમાન સમય ને શ્રેષ્ઠ સમજી આનંદથી જીવો.. અસ્તુ.

### તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી

# હિમેશ રેશમિયાના પિતાનું નિધન

**અત્યાર સુધીની સૌથી આકર્ષક ક્લાસિક ધૂનમાંથી એક છે**

પ્રખ્યાત સંગીતકાર હિમેશ રેશમિયાના પિતા વિપિન રેશમિયાનું બુધવારે અવસાન થયું. તેઓ ૮૭ વર્ષના હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર બુધવારે રાત્રે ૮.૩૦ વાગ્યે તેમનું નિધન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર આજે સવારે ૧૧ વાગ્યે ઓશિવારા સ્મશાન ભૂમિમાં કરવામાં આવશે. વિપિન રેશમિયાને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. તેમને મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને ઉંમર સંબંધિત કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ હતી. હિમેશના પરિવારની નજીક રહેલી વનિતા થાપરે ETimes સાથે વાત કરતાં કહ્યું કે વિપિન જ્યારે ટીવી શો બનાવતો હતો ત્યારથી તે તેને પાપા કહીને બોલાવતી હતી. વનિતાએ કહ્યું કે ટીવી શો કર્યા પછી તે સંગીતકાર બની ગઈ. તેણે કહ્યું કે વિપિનનો પુત્ર હિમેશ પણ તેના પિતાની જેમ સંગીતની દુનિયામાં પ્રવેશ્યો. વિપિન રેશમિયાએ એક સમયે લતા મંગેશકર અને કિશોર કુમાર સાથે ગીત બનાવ્યું હોવાનું જાણવા મળે છે. હિમેશ રેશમિયાએ પોતે તેની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ માહિતી આપી હતી અને કહ્યું હતું કે તે ગીત ક્યારેય રિલીઝ થયું ન હતું. તે ગીત વિશે વાત કરતાં, હિમેશે કહ્યું હતું કે તેને લાગે છે કે તે અત્યાર સુધીની સૌથી આકર્ષક ક્લાસિક ધૂનમાંથી એક છે, જે બજારમાં આવવી જોઈએ. તેણે કહ્યું હતું કે તે આ ગીત ટૂંક સમયમાં લાવશે. હિમેશે કહ્યું હતું કે તે ખુશ છે કે આ ગીત ટૂંક સમયમાં બધા લોકો માટે આવશે અને તેને તેમનો પ્રેમ આપશે.



# 'ઇમરજન્સી' ફિલ્મની રિલીઝ અટવાઈ જતાં કંગનાએ મુંબઈનો બંગલો વેચ્યો

**રૂ.૨૦.૭ કરોડમાં ખરીદેલો બંગલો કંગનાએ રૂ.૩૨ કરોડમાં વેચ્યો**




કંગનાએ કહ્યું, સ્વાભાવિક છે, મારી ફિલ્મ રિલીઝ થવા માટે તૈયાર હતી, તેથી મેં મારી અંગત મિલકત દાવ પર લગાવી હતી

કંગના રણૌત સોમવારે નવી દિલ્હીના એક કાર્યક્રમમાં હાજર રહી હતી, ત્યારે તેણે ખુલાસો કર્યો કે મુંબઈમાં પાલિ હિલ ખાતે આવેલો બંગલો તેણે વેચવો પડ્યો છે. તેણે કહ્યું કે 'ઈમરજન્સી' રિલીઝ ન થતાં તેને ઘણું નુકસાન વેઠવું પડ્યું છે, તે ભરપાઈ કરવા માટે તેણે આ નિર્ણય લેવો પડ્યો છે. કંગનાએ કહ્યું,"સ્વાભાવિક છે, મારી ફિલ્મ રિલીઝ થવા માટે તૈયાર હતી. તેથી મેં મારી અંગત મિલકત દાવ પર લગાવી હતી. હવે તે રિલીઝ ન થઈ, તો આમ પણ તમારી મિલકત તો મુશ્કેલીના સમય માટે જ હોય છે." આ મહિનાની શરૂઆતમાં અહેવાલો આવ્યા હતા, જેમાં કંગનાએ એક વિવાદાસ્પદ મિલકત ૩૨ કરોડમાં વેચી હોવાની વાત હતી. કંગનાએ આ બંગલો સપ્ટેમ્બર ૨૦૧૭માં ૨૦.૭ કરોડમાં ખરીદ્યો હતો. તેણે ડિસેમ્બર ૨૦૨૨માં આ માટે આઈસીઆઈસીઆઈ બૅન્કમાંથી લૉન પણ લીધી હતી. કંગનાના પ્રોડક્શન હાઇસ મણિકર્ણિકા ફિલ્મ્સની ઓફિસ તરીકે આ બંગલાનો ઉપયોગ થતો હતો. સપ્ટેમ્બર ૨૦૨૦માં બીએમસીએ આ બંગલાનો કેટલોક હિસ્સો ગેરકાયદેસર બાંધકામના કારણે તોડી પાડ્યો હતો. ૯ સપ્ટેમ્બરે બોમ્બે હાઈકોર્ટે સ્ટે ઓર્ડર આપતાં આ તોડી પાડવાની કામગિરી અટકાવી દેવામાં આવી હતી. કંગનાએ બીએમસી વિરુદ્ધ કેસ કરીને ૨ કરોડના વળતરની માંગણી કરી હતી. પરંતુ મે ૨૦૨૩માં તેણે આ કેસ પાછો ખેંચ્યો હતો. કંગનાની 'ઈમરજન્સી' ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી. પરંતુ સેન્સર બોર્ડે ક્લીયર ન કરતાં ફિલ્મની રિલીઝ અઠકી ગઈ. કેટલીક શીખ સંસ્થાઓ દ્વારા આ ફિલ્મ પર પ્રતિબંધ લાદવાની માગણી કરી છે. આ કાર્યક્રમ દરમિયાન કંગનાએ કહ્યું,"આ આપણો ઈતિહાસ છે અને તે ઈરાદાપૂર્વક છુપાવવામાં આવ્યો છે. આપણને એ કહેવાયો જ નથી. ભલા માણસોનો જમાનો જ નથી. મારી ફિલ્મ રિલીઝ થવા માટે તૈયાર છે. ૪ ઈતિહાસકારોએ ફિલ્મની તપાસ કરી છે. અમારી પાસે ચોક્કસ દસ્તાવેજો પણ છે. ફિલ્મમાં કશું ખોટું નથી. પરંતુ કેટલાંક લોકો ભિંદરાનવાલેને સંત, ક્રાંતિવીર કે નેતા ગણે છે, તેઓ અરજીઓથી મને ડરાવવા ધમકાવવા માગે છે.

# ગર્લફ્રેન્ડને ઈમ્પ્રેસ કરવા માટે સલમાન ખાનના પિતા સલીમ ખાનને ધમકી આપી

**સલમાનના બાંદ્રા સ્થિત ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ પર ૧૪ એપ્રિલના રોજ ૨ બાઈક સાવરે ગોળીબાર કર્યો હતો**

બોલિવુડ અભિનેતા સલમાન ખાનના પિતા સલીમ ખાનને ધમકી મળી છે. જાણકારી મુજબ બુરખામાં આવેલી મહિલાએ સલીમ ખાનને ધમકી આપી છે. લૉરેન્સ બિશ્નોઈના નામ પર તેને ધમકી મળી છે. કહેવામાં આવી રહ્યું છે કે, મહિલા સ્કુટી પર આવી હતી. તેમણે બોલિવુડ અભિનેતાના પિતાને ધમકી આપી છે. હાલમાં મુંબઈના બાંદ્રા પોલીસ સ્ટેશનમાં મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.આ સમગ્ર ઘટના ૧૮ સપ્ટેમબરની છે. જ્યારે સલમાન ખાનના પિતા સલીમ ખાન મોર્નિંગ વોક કરવા ગેલેક્સી એપાર્ટમેન્ટ બહાર નીકળ્યા હતા. આ દરમિયાન એક મહિલા સલીમ ખાન પાસે જાય છે અને તેને ધમકી આપી ફરાર થઈ જાય છે. મહિલાએ બુરખો પહેર્યો હતો. હાલમાં આ મુંબઈના બાંદ્રા પોલીસ સ્ટેશનમાં આ મહિલા વિરુદ્ધ કેસ નોંધવામાં આવી છે. ગર્લફ્રેન્ડને ઈમ્પ્રેસ કરવા માટે સલમાન ખાનના પિતા સલીમ ખાનને ધમકી આપી હતી. પોલીસે મહિલાની અટકાયત કરી છે. સલમાન ખાનના બાંદ્રા સ્થિત ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ પર ૧૪ એપ્રિલના રોજ ૨ બાઈક સાવરે ગોળીબાર કર્યો હતો.ત્યારબાદ પોલીસે આઈપીસીની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) હેઠળ એફઆઈઆર નોંધી હતી. પોલીસે આ મામલે ૧૬ એપ્રિલના રોજ ગુપ્તા અને પાલની ગુજરાતના ભુજમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ ફાયરિંગમાં ઉપયોગમાં લેવામાં આવનાર બંદુક સુરતની તાપી નદીમાંથી મળી આવી હતી. હવે તેના પિતાને પણ ધમકી મળી છે. બોલિવુડ સુપરસ્ટાર સલમાન ખાન ગુરુવારના રોજ મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો હતો. હાઈ સિક્યોરિટી વચ્ચે સલમાન ખાનનો કાફલો એરપોર્ટ પર પહોંચ્યો હતો. બોલિવુડ સ્ટાર ગાડીમાંથી બહાર આવતા થોડી પરેશાની પણ થઈ હતી. અભિનેતા છેલ્લા કેટલાક સમયથી પાંસળીની ઈજા સાથે પીડાય રહ્યો છે. લૉરેન્સ બિશ્નોઈની પાછળ ઘણા ગેંગસ્ટરના ચહેરા છુપાયેલા છે. પૈસા વડે સત્તા કેવી રીતે મેળવી શકાય તેની કળા શીખી અને અન્ય ગુંડાઓ સાથે જોડાઈને તેણે હથિયારોની મદદથી ખંડણીનું નેટવર્ક સમગ્ર દેશમાં ફેલાવ્યું. આ જ કારણસર આજે જેલમાં હોવા છતાં તે દેશમાં તેના ફેલાયેલા નેટવર્કના આધારે ગુંડાગીરી આચરવામાં સક્ષમ છે.લૉરેન્સ બિશ્નોઈ સલમાન ખાનને પણ ધમકી આપી ચૂક્યો છે અને સિદ્ધુ મુસેવાલાની હત્યા કેસમાં પણ સામેલ છે.



### શું સૈફ-કરીનાના ચાહકોની રાહનો આવશે અંત?

# અભિનેત્રીએ ૧૨ વર્ષ પછી સાથે કામ કરવા અંગે કર્યો ખુલાસો

કરીના કપૂરે હાલમાં જ સૈફ અલી ખાન સાથે ફિલ્મ કરવા વિશે માહિતી આપી છે. તેણીએ એ પણ જાહેર કર્યું કે તેના સન્માનમાં આયોજિત ફિલ્મ ફેસ્ટિવલમાં તેના પતિ કઈ ફિલ્મો જોવા માટે સૌથી વધુ ઉત્સાહિત છે.કરીના કપૂર અને સૈફ અલી ખાન બોલિવૂડના ફેવરિટ કપલ્સમાંથી એક છે. આ કપલ માત્ર તેમના અંગત જીવન માટે જ નહીં પરંતુ તેમની પ્રોફેશનલ લાઈફ માટે પણ ચર્ચામાં રહે છે. બંનેએ કુર્બાન, ઓમકારા, ટશન જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. કરીના અને સૈફે છેલ્લે ૨૦૧૨ની ફિલ્મ 'એજન્ટ વિનોદ'માં સાથે કામ કર્યું હતું. આ વાતને ૧૨ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. આવી સ્થિતિમાં બંને સ્ટાર્સના ફેન્સ તેમની ઓનસ્ક્રીન જોડીને મિસ કરી રહ્યા છે. જો કે હવે લોકોની આ રાહનો અંત આવવાનો છે. તાજેતરની વાતચીત દરમિયાન, અભિનેત્રીએ તેના પતિ સાથે ફરીથી સ્ક્રીન પર કામ કરવાના પ્રોજેક્ટ વિશે વાત કરી. કરીના કપૂરે ૧૮ સપ્ટેમ્બરે એક પ્રેસ ઈવેન્ટમાં હાજરી આપી હતી. ઈવેન્ટમાં અભિનેત્રીએ સૈફ સાથે કામ કરવા વિશે કહ્યું હતું કે, "અલબત્ત અમે ફરીથી સાથે કામ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ અને મને આશા છે કે અમને કેટલાક સારા પ્રોજેક્ટ મળશે." કરીનાએ કહ્યું કે હાલમાં તે સૈફની તેલુગુ ડેબ્યૂ ફિલ્મ દેવરાઃ પાર્ટ ૧ની આતુરતાથી રાહ જોઈ રહી છે. આ ફિલ્મ ૨૭ સપ્ટેમ્બરના રોજ રીલિઝ થઈ રહી છે. સૈફ અલી ખાન આ ફિલ્મમાં ખતરનાક વિલન બનીને રહી ગયો છે. હાલમાં જ કરીના કપૂરની ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ' રિલીઝ થઈ છે. આ ફિલ્મ ૧૩ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. જો કે આ ફિલ્મને લોકો તરફથી બહુ રિસ્પોન્સ નથી મળી રહ્યો. ફિલ્મની કમાણીમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તેનું નિર્દેશન હંસલ મહેતાએ કર્યું છે. આ ફિલ્મમાં કરીનાએ બ્રિટિશ-ભારતીય જાસૂસ અને માતાની ભૂમિકા ભજવી હતી. વર્ક ળન્ટની વાત કરીએ તો કરીના અજય દેવગનની સિંઘમ અગેઇનમાં જોવા મળશે. આ ફિલ્મ દિવાળી ૨૦૨૪ એટલે કે ૧લી નવેમ્બરે રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મની ટક્કર કાર્તિક આર્યનની 'ભૂલ ભુલૈયા ૩' સાથે થશે. કરીનાએ સિનેમામાં ૨૫ વર્ષ પૂરા કર્યા છે. આવી સ્થિતિમાં, અભિનેત્રીના સન્માનમાં, પીવીઆર સિનેમાએ તેમના નામે એક ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે. ફેસ્ટિવલ વિશે વાત કરતાં કરીનાએ કહ્યું કે સૈફ તેના વિશે જાણીને ખૂબ જ ખુશ છે. તેણે એ પણ જણાવ્યું કે તેના પતિ ફિલ્મ ફેસ્ટિવલમાં કઈ ફિલ્મો જોવા માટે ઉત્સાહિત છે.

### દીકરા આરવને તેના જન્મદિવસ પર ખાસ રીતે પાઠવી શુભેચ્છા

# અક્ષય કુમાર તેના દીકરા આરવને ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરવા દેતો નથી?

બોલિવૂડના ખિલાડી કુમાર એટલે કે, અક્ષય કુમારની 'ખેલ ખેલ મેં' તાજેતરમાં જ થિયેટરમાં રિલીઝ થઈ હતી. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાલ કરી શકી ન હતી. હવે અક્ષય કુમાર તેના અપકમિંગ પ્રોજેક્ટમાં વ્યસ્ત છે. આ બધાની વચ્ચે જો આપણે એક્ટરના અંગત જીવન વિશે વાત કરીએ, તો અક્ષયનું તેની પત્ની અને એક્ટ્રેસમાંથી લેખિકા બનેલી ટ્વિંકલ ખન્ના અને તેના બાળકો આરવ અને નિતારા સાથે ખૂબ જ સારું બોન્ડિંગ છે. બોલિવૂડના ખિલાડી કુમાર એટલે કે, અક્ષય કુમારની 'ખેલ ખેલ મેં' તાજેતરમાં જ થિયેટરમાં રિલીઝ થઈ હતી. સુપરસ્ટારે એકવાર કહ્યું હતું કે, શા માટે તે ક્યારેય તેના દીકરા આરવને ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરવા દેતો નથી. વાસ્તવમાં, એક રિયાલિટી ટીવી શો દરમિયાન અક્ષય કુમારે તેના પેરેન્ટિંગ કૌશલ્ય વિશે જણાવ્યું હતું અને તેણે તેના દીકરા આરવ અને દીકરી નિતારાને કેવી રીતે ઉછેર્યા છે. આ દરમિયાન અક્ષયે ખુલાસો કર્યો હતો કે, તેનો દીકરો આરવ ફર્સ્ટ ક્લાસ ફ્લાઈટમાં મુસાફરી કરતો નથી. 'ખેલ ખેલ મેં' એક્ટરે કહ્યું હતું કે, "તમે માનશો નહીં, હું આજ સુધી ખર્ચ કરી શકું છું, મારો આખો પરિવાર ફર્સ્ટ ક્લાસમાં જઈ શકે છે, છતાં મારો દીકરો ઈકોનોમીમાં જાય છે. તે પાછળ બેસે છે. હું અને મારી પત્ની આગળ બેસીએ છીએ." અક્ષયે કહ્યું કે, તે તેને એવું અનુભવવા નથી દેતો કે, તે એક સુપરસ્ટારનો દીકરો છે કારણ કે અભિનેતા ઈચ્છે છે કે તે તેના જીવનમાં પૈસાનું મહત્ત્વ સમજે. ૫૭ વર્ષીય અભિનેતાએ વધુમાં કહ્યું કે, તેણે તેના જીવનમાં ક્યારેય બાળકોને માર્યા નથી, પછી તે જીદ અથવા અન્ય કારણોસર હોય. અભિનેતાએ વધુમાં કટાક્ષ કર્યો કે, તેની પત્ની ટ્વિંકલ ક્યારેક તેને થપ્પડ મારે છે. જોકે, તેણે આવું ક્યારેય કર્યું નથી. ઉલ્લેખનીય છે કે, અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્નાના દીકરા આરવે ૧૫ સપ્ટેમ્બરે પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો. અક્ષયે ઈન્સ્ટાગ્રામ પર વિદેશી લોકેશન પરથી ટ્વિંકલ અને આરવ સાથેની પોતાની એક તસવીર શેર કરી હતી. સુપરસ્ટારે તેની પોસ્ટમાં દીકરાને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. અક્ષયે આરવ માટે ખૂબ જ ઈમોશનલ પોસ્ટ શેર કરી હતી. તેણે કેપ્શનમાં લખ્યું, તેનું હૃદય ગર્વથી ભરાઈ જાય છે કારણ કે, તેઓ તેમના દીકરાને એક દયાળુ અને પ્રેમાળ વ્યક્તિ તરીકે મોટા થતા જોયા છે. અક્ષયે કહ્યું કે, આરવની હાજરી તેના જીવનમાં ખુશીઓ લાવે છે.



### દિવાળી પર બોક્સ ઓફિસ આતશબાજી અને ધડાકા થશે

# 'સિંઘમ અગેઇન' દિવાળી પર જ આવશે, 'ભૂલભુલૈયા ૩' સાથે ટક્કર

**'સિંઘમ અગેઇન'-'ભૂલભુલૈયા ૩' બંને ફિલ્મ દિવાળી પર જ રિલીઝ થશે એ બાબતે છેલ્લા થોડા વખતથી ચર્ચાઓ-ધારણાઓનો દોર ચાલી રહ્યો છે**







'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' બંને ફિલ્મ દિવાળી પર જ રિલીઝ થશે એ બાબતે છેલ્લા થોડાં વખતથી ચર્ચાઓ અને ધારણાઓનો દોર ચાલી રહ્યો છે. ત્યારે મંગળવારે કાર્તિક આર્યને રોહિત શેટ્ટીને 'સિંઘમ અગેઈન'ની રિલીઝ પોસ્ટપોન કરવાની વિનંતિ કરવા માટે ફોન કર્યો હોવાના તેમજ અજય દેવગન અને રોહિત શેટ્ટી તેની વાત પર વિચાર કરી રહ્યા હોવાના અહેવાલો પણ આવ્યા હતા. આ સમગ્ર ઘટનાક્રમ અંગે વિશ્વસનિય સૂત્રએ જણાવ્યું છે કે હવે આ બંન્ને ફિલ્મો વચ્ચે ટક્કર નક્કી જ છે. રિપોર્ટ્સ મુજબ,"દિવાળી પર જ 'સિંઘમ અગેઈન' રિલીઝ થશે. ટીમ કશું ય બદલવાના મૂડમાં નથી. આ ઉપરાંત બીજી કે ત્રીજી ઓક્ટોબરે ફિલ્મનું ટ્રેલર પણ લોન્ચ કરવામાં આવશે." કેટલાંક એવા અહેવાલો હતાં કે રોહિત શેટ્ટી, જિઓ વચ્ચે ફિલ્મની રિલીઝ ડેટ બદલવા અંગે ચર્ચા થઈ હતી કારણ કે હાલ હોરર કૉમેડી ફિલ્મો બોક્સ ઓફિસ પર વધારે સારી ચાલી રહી છે. અન્ય એક અહેવાલ એવો પણ હતો કે કાર્તિક આર્યન અને પ્રોડ્યુસર ભૂષણ કુમારે રોહિત શેટ્ટી સાથે ચર્ચા કરી હતી કે ફિલ્મોની ટક્કરથી બંને ફિલ્મોની આવક પર અસર થશે. પરંતુ 'સિંઘમ અગેઈન'ના મેકર્સને વિશ્વાસ છે કે તેમની સ્ટારકાસ્ટના કારણે બોક્સઓફિસ પર ક્લેશમાં પણ સારી તેમની ફિલ્મ કમાણી કરી શકશે. તેથી હવે કેટલાંક નિષ્ણાતો માને છે કે હવે 'ભૂલ ભુલૈયા ૩' એ જ પોતાની રિલીઝ પોસ્ટપોન કરવી પડશે.

### 'શ્યામ બાળક ન જન્મે તે માટે અપાતી સલાહ'ને મસાબાએ વખોડી

# મસાબાને લોકોની રસગુલ્લા ખાવાની અને દૂધ પીવાની સલાહ

ફેશન ડિઝાઈનર અને એક્ટ્રેસ મસાબા ગુપ્તા હાલ પ્રેગનેન્ટ છે અને બાળકની આવવાની રાહ જોઈ રહી છે. તાજેતરમાં એક પોડકાસ્ટ ઈન્ટરવ્યૂમાં મસાબાએ તેને શ્યામ નહીં પણ રૂપાળું બાળક જન્મે તે માટે લોકોએ કેટલી વિચિત્ર વિચિત્ર સલાહ આપી તે અંગે વાત કરી હતી. મસાબાએ કહ્યું કે હમણાં જ કોઈ આવેલું અને તેને કહ્યું,"તારે રોજ રસગુલ્લા ખાવા જોઈએ કારણ કે તારું બાળક તારા કરતાં રૂપાળું હોવું જોઈએ." ત્યાર બાદ માસાબાએ ૧૫ દિવસ પહેલાં જ બનેલો એક કિસ્સો શેર કર્યો હતો, જ્યાં મસાબાને મસાજ કરતી વ્યક્તિએ કહ્યું,"આપ ના દૂધ પીયા કરો. સાંવલા નહીં હોના ચાહીએ." મસાબાએ કહ્યું કે લોકો તેની સામે આવા નિવેદનો એટલા નિર્દોષભાવે કરે છે કે, તે તેમની સામે વિરોધ પણ દર્શાવી શકતી નથી. આ મુદ્દે મસાબા માને છે કે તે પોતાના બાળકનો ઉછેર એટલો છૂટથી કરવા માગે છે કે તેને ભવિષ્યમાં આવા નિવેદનોની કોઈ જ અસર ન થાય. મસાબાએ આગળ કહ્યું, લોકો કાનાફુસી કરીને આ પ્રકારની વાતો કરે છે કારણ કે તેમને ખબર છે કે આ પ્રકારની વાતો યોગ્ય નથી છતાં એ લોકો આ વાતો કરવાની છોડતા નથી. "લોકો માને છે કે કોઇને કાળી કહેવાથી તેઓ કોઈને નીચું ગણાવી શકશે, મને એ બહુ વિચિત્ર લાગે છે." મસાબા કહે છે કે મસાજ કરનાર વ્યક્તિને અવગણી એક વખત તો પણ એવા શિક્ષિત, સમૃદ્ધ અને સારુ વાંચતા લોકો પણ આવું જ વિચારતા હોય છે. ૨૦૨૪માં પણ કશું બદલાયું નથી. મસાબાએ આ ઈન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું હતું કે તેને સમગ્ર જીવન દરમિયાન રંગભેદની વિચારધારાનો સામનો કરવો પડ્યો છે, તેના પિતા વિવિયન રિચર્ડને આજે પણ એ વિચારે રડવું આવી જાય છે.



# ઝાલોદ એ.પી.એમ.સી ખાતે ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૦માં તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## નગરપાલિકામા ફળવાયેલ JCBને લીલી ઝંડી આપી ધારાસભ્ય મહેશ ભૂરીયાએ પાલિકાને સેવા માટે ખુલ્લું મૂક્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ગુજરાત સરકાર દ્વારા પારદર્શી પ્રશાસન માટે વહીવટી તંત્ર દ્વારા પ્રજાની લાગણી, માંગણી, અપેક્ષા પૂર્ણ કરવા તથા સરકારની યોજનાઓનો લાભ અને સહાયતા અંગેની નાગરિકોની વ્યક્તિગત રજુઆતો સ્થળ ઉપર જ ઉકેલ લાવવા માટે ૧૦ માં તબક્કાનો સેવા સેતુ પ્રોગ્રામ ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાવિષ્ટ થતાં ગામો જેમકે ઝાલોદ શહેર, કાકરાડુંગરા, ઢાઢીયા, પડીમહુડી, ભાવપુરા, ભાણપુરા, માંડલીખુંટા, બીયામાળીના લોકોએ સ્થળ ઉપર જ સેવાઓનો લાભ લીધો હતો.

ધારાસભ્ય મહેશ ભૂરીયાએ સૌ પ્રથમ પશુ ચિકિત્સક કેમ્પને સેવા સેતુ અંતર્ગત ખુલ્લું મૂક્યું હતું ત્યાર બાદ સેવા સેતુ કાર્યક્રમને દીપ પ્રાગટય કરી પ્રોગ્રામનુ સંચાલન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સહુ મહેમાનોનુ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરી દરેક મહાનુભાવોનુ સ્વાગત પુષ્પ ગુચ્છથી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા જન કલ્યાણ માટે સરકાર દ્વારા કરવામાં આવતી દરેક કામગીરીને સહુ લોકો ફાયદો ઉઠાવે, પ્રજાની સેવા માટે આજરોજ ૫૫ જેટલી સેવાઓ સેવા સેતુના કાર્યક્રમ અંતર્ગત એ.પી.એમ.સી ના પ્રાંગણમાં કરવામાં આવી રહેલ છે તેનો મહત્તમ લોકો લાભ લે...ભારત સરકાર સદાય લોકોની પડખે ઉભી રહી લોક હેતુના કલ્યાણકારી કાર્યક્રમો કરી રહેલ છે તે તમામ કલ્યાણકારી કાર્યક્રમો છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુસર સરકાર કામગીરી કરી રહેલ છે તેમ ધારાસભ્ય મહેશ ભૂરીયાએ કહ્યું હતું. આજરોજ નગરપાલિકા માટે નવું ફળવાયેલ JCB ને નગરપાલિકાની સેવા માટે ધારાસભ્ય મહેશ ભૂરીયાને હસ્તે સોપવામાં આવ્યું હતું.

આજના દસમા તબક્કાના સેવા સેતુના પ્રોગ્રામમાં આવક જાતિના દાખલા, રેશનકાર્ડમાં નામ દાખલ, નામ કમી, નામ સુધારો તથા E-KYC ની કામગીરી, આધારકાર્ડ લગતી તમામ કામગીરી,પી.એમ.જે. માં અરજી મફત હેલ્થ ચેક-અપ, કૃષિ, પંચાયત, પશુપાલન, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ,બસ કન્સેશન પાસ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, નિર-ાધાર વૃદ્ધ-વયવંદના-સંકટ મોચન સહાય યોજના નવીન વારસાઈ અરજીઓ તથા ૭/૧૨, ૮અ ની નકલ,જન્મ-મરણ પ્રમાણપત્ર, લગ્ન નોંધણી અને મિલકત આકારણીના ઉતારા, ઘરેલું નવા વીજ જોડાણ, બેકીંગને લગતી સેવાઓ,પી.એમ. સન્માનનિધી લાભાર્થીનું E-KYC જેવા દરેક વિભાગની કામગીરી વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ હતી.

# બાળ વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરેલ કૃતિઓનું પ્રદર્શન યોજાયું



। સુરત, તા.૨૦ ।

રાંદેર ઝોનના CRC કક્ષાના વિજ્ઞાનમેળાનું આયોજન મુખ્ય કન્વીનરશ્રી ડોનિકાટેલરના માર્ગદર્શન હેઠળ શાળા નં- ૧૫૯, ભાણકી સ્ટેડિયમ ખાતે કરવામાં આવ્યું. સદર પ્રદર્શનના ઉદ્દઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરત મહાનગર પાલિકાના સ્થાનિક કોર્પોરેટરશ્રી કૃણાલભાઈ સેલર, યુ. આર. સી. કો-ઓર્ડી. શ્રી રમેશભાઈ પટેલ, SMC સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રાંદેર પોલીસ સ્ટેશનના P.I શ્રી આર. જે. ચૌધરી સાહેબ પ્રદર્શન નિહાળી બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરોક્ત તમામ મહાનુભાવોએ આયોજકોને સુંદર આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી.આ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં સી.આર.સી. ૧ (રામનગર), ૩(મોરાભાગળ) અને ૪ (વરિયાવ) માં સમાવિષ્ટ જુદી જુદી ૨૪ જેટલી શાળાના બાળ વૈજ્ઞાનિકો દ્વારા પ્રદર્શનના મુખ્ય વિષય : ટકાઉ જીવન માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય ઉપર ૫ પેટા વિભાગોમાં કુલ ૫૦ જેટલી કૃતિઓ રજુ કરવામાં આવી હતી.તમામ સ્પર્ધાઓમાં કુલ ૯૪ બાળ વૈજ્ઞાનિકો અને ૪૭ જેટલા માર્ગદર્શક શિક્ષકોએ ભાગ લીધો હતો.ભાગ લેનાર તમામ બાળ વૈજ્ઞાનિકો,માર્ગદર્શક શિક્ષકો અને શાળાઓને આયોજક સી.આર. સી. કો-ઓર્ડિનેટર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ કાપડિયા તથા સદસ્ય શ્રી કુમારી સ્વાતિબેન સોસા દ્વારા ટેલીફોનીક શુભેચ્છાઓ પાઠવવામાં આવી. સદર પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરવામાં આવેલ વિભાગવાર કૃતિઓમાંથી શ્રેષ્ઠ કૃતિઓની પસંદગી માટે પીપરડી વાલા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ – રાંદેરના શ્રી આશિષભાઈ જરીવાલા, એમ. એમ. પી. હાઈસ્કૂલ – રાંદેરના શ્રીકેતનભાઈ પટેલ તેમજ શ્રી મદ્રેસા એ મીરજા હાઈસ્કૂલના શ્રી મહેશભાઈ શાહ એ નિર્ણાયક તરીકે બખૂબી પોતાની જવાબદારી નિભાવી હતી. સૌ નિર્ણાયક મિત્રોને સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપી આયોજકો દ્વારા એમનો ઋણ સ્વીકાર કરી સન્માનીત કરવામાંઆવ્યા.આનુસંગીકવ્યવસ્થાસી.આર.સી.શ્રી અમિતકુમાર ટેલરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. શ્રી નીનાબેન દેસાઈ દ્વારા સમારોહમાં ઉદઘોષક તરીકે પોતાનું યોગદાન આપવામાં આવ્યું. ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ સદર પ્રદર્શનની મુલાકાત લઈ બાળ વૈજ્ઞાનિકોએ તૈયાર કરેલ કૃતિઓ નિહાળી હતી અને સૌને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સી. આર. સી. શ્રી વિનોદભાઈ પ્રિયદર્શી દ્વારા શાળા ક્રમાંક ૧૫૯ ના આચાર્યશ્રીઅને એમના સમગ્ર શાળા પરિવારે જે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો તેનો સહર્ષ ઋણ સ્વીકાર કરી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ સૌના આભાર સાથે કાર્યક્રમ પૂર્ણ કર્યો.

# પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના કર્મયોગીઓ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાયા





। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી પ્રાદેશિક માહિતી કચેરીના તમામ કર્મયોગીઓ ઉલ્લાસપૂર્વક સફાઈ અભિયાનમાં જોડાયા હતા. પ્રાદેશિક માહિતી કચેરી ના તમામ રૂમના બારી બારણા સહિતની સફાઈ કરવામાં આવી હતી

ઉલ્લેખનીય છે કે, સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે જેમાં અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વચ્છતા અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા બાપુનગર વોર્ડમાં ‘સ્વચ્છતા હિ સેવા’ અભિયાન અંતર્ગત સ્થાનિક લોકોને જાહેરમાં કચરો ન ફેકવાની અપિલ કરાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા દ્વારા સ્વચ્છતા હિ સેવા અભિયાન અંતર્ગત ઉત્તર ઝોનના બાપુનગર વોર્ડમાં વિરાટનગર નેશનલ હાઈ વે નં.૮ બાપુનગર ખાતે લોકભાગીદારીથી સ્વચ્છતા અભિયાન નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત સફાઈ કામદારો દ્વારા સ્વચ્છતા સ્લોગન અને સુત્રોચાર દ્વારા સુકા અને ભીનાનું વર્ગીકરણ, જાહેરમાં કચરો નહી ફેકવા તથા પ્રતિબંધીત પ્લાસ્ટીકનો ઉપયોગ નહી કરવા બાબતે સ્થાનીક લોકોને અવગત કરવામાં આવ્યા હતા. આ સાથે સફાઈ કામદારો દ્વારા પ્લોગીંગ ડ્રાઈવ કરાવી કચરો ઉપાડવાની કામગીરી કરાવેલી તેમજ સ્વચ્છતા અંગેનાં શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ઉત્તર ઝોન એસ્ટેટ વિભાગના ડે.એસ્ટેટ ઓફિસર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના ડે.ડાયરેક્ટર તેમજ બાપુનગર વોર્ડનો સેનેટરી સ્ટાફ, સફાઈ કામદારો તથા સ્થાનીક લોકો જોડાયા હતા.

# ક્રિસ હેમ્સવર્થે ટ્રાન્સફોર્મર્સ વન માટે કૂલીના તેજસ્વી વિચાર પર તેમના વિચારો શેર કર્યા

। અમદાવાદ, તા.૨૦ ।



અત્યંત સફળ ટ્રાન્સફોર્મર્સ ફ્રેન્ચાઈઝી તેની આગામી રીલીઝ ટ્રાન્સફોર્મર્સ વન સાથે તેના હાલના વારસાને આગળ ધપાવવા માંગે છે. ટ્રાન્સફોર્મર્સ વન, જોશ કૂલી દ્વારા નિર્દેશિત, ચાહકોને સાયબરટ્રોનના મહાન યોદ્ધાઓ, ઓપ્ટીમસ પ્રાઈમ અને મેગાટ્રોનના બાળપણમાં લઈ જશે.

સિનેમાની દુનિયામાં એવું બનતું નથી કે કોઈ અભિનેતા આટલા ઉત્સાહ અને ગંભીરતાથી કોઈ દિગ્દર્શકની વિચારસરણીના વખાણ કરે. ક્રિસ હેમ્સવર્થ તેની પ્રભાવશાળી ભૂમિકાઓ અને એક્શનથી ભરપૂર અભિનય માટે જાણીતા છે. ટ્રાન્સફોર્મર્સ વન માટે ડિરેક્ટર કુલીના વિઝનના વખાણ કરતાં તે ક્યારેય થાકતો નથી. તે કહે છે કે આ પ્રોજેક્ટ માટે કુલીની “અતૂટ આશા, સમર્પણ અને ઉત્સાહ” એ તેનું દિલ જીતી લીધું અને તેણે પણ કુલીની જેમ વિચારવાનું શરૂ કર્યું. ફિલ્મના અદભૂત દ્રશ્યો, અનન્ય પાત્ર શૈલીઓ અને કાળજી પૂર્વક બાંધવામાં આવેલા લડાઈના દ્રશ્યો વિશે વાત કરતાં, હેમ્સવર્થે નોંધ્યું કે કેવી રીતે કુલીએ એક્શન અને હૃદયસ્પર્શી વાર્તા કહેવાની વચ્ચે સંતુલન સાધ્યું. કુલીએ તેને એક ‘ફન બ્રોમેન્સ‘માં ફેરવી દીધું જે ફિલ્મના અંત સુધી દર્શકોનું મનોરંજન કરે છે.

ક્રિસ હેમ્સવર્થે કહ્યું, “ટ્રાન્સફોર્મર્સની દુનિયા માટે કુલીની અતૂટ આશા, સમર્પણ અને ઉત્સાહ ચેપી હતો. તેમના સંશોધનમાં તેમણે મેળવેલ જ્ઞાનનો જથ્થો અમર્યાદિત હતો. દ્રશ્યો અદભૂત અને એક્શનથી ભરપૂર છે. રંગો, ટોન અને વિગતો, બધું તાજું અને અનન્ય લાગે છે. સુંદર દ્રશ્યો ડિઝાઈન કરવામાં અને દરેક પાત્રની અલગ શૈલી વિકસાવવામાં ઘણી જટિલતા હતી. એકંદરે, આ ફિલ્મ રોમાંચક, મનોરંજક અને તદ્દન મનોરંજક છે.

# કંજેટા પ્રાથમિક શાળામાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અને કલા ઉત્સવની ઉજવણી કરવામાં આવી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૦ ।



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

ધાનપુર તાલુકાના કંજેટા ક્લસ્ટરનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અને કલાઉત્સવની ઉજવણી કંજેટા પ્રાથમિક શાળામાં કરવામાં આવી. કંજેટા પગાર કેન્દ્ર આચાર્યશ્રી પુષ્પરાજસિંહ પુવાર, સી.આર.સી કો-ઓર્ડીનેટર દીપકભાઈ ચૌહાણ તથા જુદીજુદી શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષક મિત્રોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં દરેક શાળાના શિક્ષક શ્રી ઓ અને બાળ વૈજ્ઞાનિકોએ ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી થીમ અંતર્ગત કૃતિ રજૂ કરવામાં આવી. સાથે સાથે વિદ્યાર્થીઓમાં ચિત્રકલા કૌશલ્ય, સાહિત્ય રચના કૌશલ્ય, વાદ્ય કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યો ના વિકાસ ના ભાગરૂપે “ ગરવી ગુજરાત” થીમ પર કલા ઉત્સવની ઉજવણી કરવામાં આવી જેમાં ક્લસ્ટર ની વિવિધ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને સ્પર્ધા યોજાય. બંને કાર્યક્રમ ખૂબ સારી રીતે યોજવામાં આવ્યા. જેમાં સી.આર.સી કો.ઓડીનેટર દ્વારા બાળકોને પ્રમાણપત્ર તથા રોકડ ઈનામ આપી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

# સ્વચ્છતા હી સેવા અંતર્ગત બસ સ્ટેશન ખાતે જાગૃતિ માટે ભવાઈ કાર્યક્રમ દ્વારા મુસાફરોને જાગૃતિ કરાયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અંતર્ગત “સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા” કેમ્પઈન તા-૧૭/૦૯/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૪ સુધી સ્વચ્છતા અભિયાન છે તે અંતર્ગત આજ રોજ મુસાફરોને સ્વચ્છતા બાબતે જાગૃતી લાવવાના ભાગરૂપે ઝાલોદ બસ સ્ટેન્ડ ખાતે લોકનૃત્ય “ભવાઈ” નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભવાઈના અંતે બસસ્ટેશન ખાતે ઉપસ્થિત મુસાફર જનતાને સફાઈ રાખવા બાબતે આહવાન કરવામાં આવ્યું હતું.

# દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલમાં શૌચાલયમાં દરવાજા વગર દર્દીઓને ભોગવવી પડતી હાલાકી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૦ ।



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ શહેર માં સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચી અધતન સુવિધાઓ સાથે દેવગઢ બારીઆ તાલુકા ના ગરીબ આદિવાસીઓ ને તથા આસપાસ ની ગ્રામ્ય વિસ્તાર ની પ્રજા ને સારી સારવાર મળી રહે તે માટે આ હોસ્પિટલ બનાવવામાં આવેલ છે પરંતુ આ દવાખાના માં ગરીબોની સારવાર કરવા માં આવતી નથી અને તેમની સારવાર કરવામાં અહીના ડોકટર અને સ્ટાફ ને જાણે કરંટ લાગતો હોય તેવું તે લોકો સાથે વર્તન કરે છે અને કોઈ પણ પ્રકાર સારવાર અને લાઈટ પંખા શૌચાલય ના દરવાજા પણ નથી અને શૌચાલય પાસે જ દર્દી ને ખાટલા પર સુવડાવી સારવાર કરવા માં આવે છે અને આ બાબત ની જાણ ડોકટરો અને પટ્ટાવાડાઓ ને કરીએ છીએ તો જેમફાવે તેમ વર્તન કરે છે અને અતિશય ગંદકી હોવા ના કારણે દર્દીઓ ને ખુબ જ હાલાકી ભોગવવી પડે છે.

# સ્વચ્છતા હિ સેવા અભિયાન અંતર્ગત અમદાવાદમાં યોગ શિબિર યોજાઇ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૦ ।

‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન તેમજ ‘મારું શહેર, મારું ગૌરવ’ થીમ પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્નાનાગાર અને વ્યાયામ વિદ્યાલય વિભાગ શહેરની વિવિધ ૧૭ જગ્યાઓ પર સ્વચ્છતા સાથે યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ કાર્યકમમાં યોગ બોર્ડ સાથે સંકલન કરી ઓઢવ, માધવ ગાર્ડન, વસ્ત્રાલ પરિમલ ગાર્ડન, આદિ શંકર ગાર્ડન, મકરબા, બંસીધર ગાર્ડન, ચંદ્રનગર, વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ, સંગાથ પાર્ટી પ્લોટ, ઋષિકેશ રામાની ગાર્ડન નિકોલ ખાતે સ્વચ્છતા સાથે યોગ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, દેશને સ્વચ્છ અને હરીયાળો બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ “સ્વચ્છતા હી સેવા” તેમજ “એક પેડ માઁ કે નામ” અભિયાન શરૂ કરાવ્યું છે. આ અભિયાન અન્વયે સમગ્ર રાજ્યની સાથે દેશભરમાં વિવિધ સ્થળોએ “સ્વભાવ-સ્વચ્છતા, સંસ્કાર-સ્વચ્છતા”ના ધ્યેય સાથે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો. તમારા બૉસ નોંધ લે એ પૂર્વે બાકી રહેલા કાયર્યો પૂરાં કરો.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદૃશ્ય થઈ જશે.

### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે તાણની અવગણના કરતા નહીં. તે ઝડપ થી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.

### કર્ક (ડ,હ) :

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો. આજે તમે જે વધારાનું જ્ઞાન મેળવશો તે તમારા સાથીઓ સાથે કામ લેવામાં તમારો ગુણવિશેષ સાબિત થશે.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે?

### તુલા (ર,ત) :

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. આજે તમે નવા જોમ તથા ઉત્સાહ સાથે બહાર નીકળશો કેમ કે તમને તમારા પરિવારના સભ્યો તથા મિત્રો તરફથી સહકાર મળશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો- તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

### મકર (ખ,જ) :

આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે, જેના કારણે તમે થોડા પરેશાન થઈ શકો છો.

# કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાએ ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા આયોજિત વર્લ્ડ ફૂડ ઇન્ડિયા ૨૦૨૪ કાર્યક્રમની સાથે સાથે એફએસએસએઆઈ દ્વારા આયોજિત ગ્લોબલ ફૂડ રેગ્યુલેટર સમિટ ૨૦૨૪ની બીજી આવૃત્તિનું ઉદઘાટન કર્યું

। નવી દિલ્હી, તા.૨૦ ।

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે અહીં ભારત મંડપમ ખાતે કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ મંત્રી તથા નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રી પ્રહલાદ જોશીની ઉપસ્થિતિમાં ગ્લોબલ ફૂડ રેગ્યુલેટર સમિટ ૨૦૨૪ની બીજી આવૃત્તિનું ઉદઘાટન કર્યું હતું. ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા આયોજિત વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૪ ઈવેન્ટની સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેજા હેઠળ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) દ્વારા આયોજિત




આ સમિટનો ઉદ્દેશ ખાદ્ય મૂલ્ય શ્રુંખલામાં ખાદ્ય સુરક્ષા વ્યવસ્થા અને નિયમનકારી માળખાને મજબૂત કરવા પર આંતરદૃષ્ટિનું આદાનપ્રદાન કરવા માટે ફૂડ રેગ્યુલેટર્સ માટે એક વૈશ્વિક પ્લેટફોર્મ સ્થાપિત કરવાનો છે. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા શ્રી જે.પી.નડ્ડાએ જણાવ્યું હતું કે, "આપણાં માનનીય પ્રધાનમંત્રીના "વસુધૈવ કુટુમ્બકમ" – વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર"ના વિઝનને અનુરૂપ અમે વર્ષ ૨૦૨૩માં જી-૨૦ સમિટ સાથે સહ-બ્રાન્ડેડ ઈવેન્ટ સ્વરૂપે ઉદ્‌ઘાટન ગ્લોબલ ફૂડ રેગ્યુલેટર્સ સમિટની શરૂઆત કરી હતી. આ અભૂતપૂર્વ પહેલે વૈશ્વિક ખાદ્ય નિયંત્રકોને એકસાથે લાવીને આપણા ખાદ્ય સુરક્ષા તંત્રો સામેના પડકારો અને જોખમોની ચર્ચા કરી હતી. ભારતના એક પ્રાચીન ગ્રંથમાંથી એક શ્લોક ટાંકતા કહે છે, "જ્યારે ખોરાક શુદ્ધ હોય છે, ત્યારે મન શુદ્ધ બને છે. જ્યારે મન શુદ્ધ હોય છે, ત્યારે યાદશક્તિ સ્થિર થઈ જાય છે. જ્યારે યાદશક્તિ સ્થિર હોય છે, ત્યારે હૃદયની તમામ ગાંઠો (અજ્ઞાનતા, શંકાઓ, આસક્તિઓ) બંધ થઈ જાય છે અને વ્યક્તિ મુક્તિ પ્રાપ્ત કરે છે." શ્રી નડ્ડાએ માનસિક સ્પષ્ટતા અને આખરે આધ્યાત્મિક મુક્તિ પ્રાપ્ત કરવામાં શુદ્ધ આહારના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "આ કાલાતીત સિદ્ધાંત ખોરાક, આરોગ્ય અને સુખાકારી વચ્ચેના નિર્ણાયક જોડાણને રેખાંકિત કરે છે." કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ એવા સમયે ખાદ્ય નિયમનકારોના વધતા જતા મહત્વ પર ભાર મૂક્યો હતો જ્યારે વિશ્વ ખોરાકજન્ય બીમારીઓ, ન્યુટ્રાસ્યુટિકલ સેફ્ટી, નવીન ખાદ્યપદાર્થો અને માઈક્રો પ્લાસ્ટિક જેવા પડકારોનો સામનો કરી રહ્યું છે, જે તમામ સ્થિરતા માટે પ્રયત્નશીલ છે. તેમણે જણાવ્યું હતું કે, ખાદ્ય નિયમનકારોની ભૂમિકા ક્યારેય વધારે મહત્ત્વપૂર્ણ રહી નથી અને તેમાં સતત સહયોગ, અવિરત નવીનતા અને ખાદ્ય સુરક્ષા વ્યવસ્થામાં સતત સુધારા માટે કટિબદ્ધતાની જરૂર છે. શ્રી નડ્ડાએ આંતરરાષ્ટ્રીય વેપારને ધ્યાનમાં રાખીને, ખાદ્ય ઉત્પાદન પ્રક્રિયાઓના વિકાસ અને વપરાશની બદલાતી પદ્ધતિઓને ધ્યાનમાં રાખીને ધોરણો વિકસાવવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય સાથે મળીને એફએસએસએઆઈ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી.

## આરજી કર હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષનું લાઈસન્સ રદ કરવામાં આવ્યું

। પશ્ચિમ બંગાળ, તા.૨૦ ।

પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલે ગુરુવારે ઈર કર હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષનું રજિસ્ટ્રેશન રદ કર્યું છે. એક અધિકારીએ આ માહિતી આપી. ઘોષ હાલમાં RGKar હોસ્પિટલમાં મહિલા તાલીમાર્થી ડૉક્ટર સાથે કથિત બળાત્કાર અને હત્યાના કેસમાં CBIની કસ્ટડીમાં છે. ઘોષને ફેબ્રુઆરી ૨૦૨૧માં આરજી કર મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. વિરોધ બાદ પોતાના પદ પરથી તેમણે રાજીનામું આપી દીધું હતું. WBMC દ્વારા તૈયાર કરાયેલા રજિસ્ટર્ડ ડોક્ટરોની યાદીમાંથી ઘોષનું નામ હટાવી દેવામાં આવ્યું છે. અધિકારીએ જણાવ્યું હતું કે બંગાળ મેડિકલ એક્ટ ૧૯૧૪ની વિવિધ જોગવાઈઓ હેઠળ ઘોષનું લાઈસન્સ રદ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે ઘોષ ઓર્થોપેડિક સર્જન છે અને લાયસન્સ વિના તેઓ સારવાર કરી શકશે નહીં. જણાવી દઈએ કે, ૨ સપ્ટેમ્બરે CBI દ્વારા હોસ્પિટલમાં નાણાકીય ગેરરીતિઓમાં કથિત સંડોવણી બદલ ઘોષની ધરપકડ કરવામાં આવી હતી. ફરજ પરની મહિલા તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધ બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેના પર આ કેસમાં પુરાવા સાથે ચેડા કરવાનો પણ આરોપ લાગ્યો હતો. મહિલા ડૉક્ટરના મૃત્યુ બાદ વિરોધ કરી રહેલા જુનિયર ડૉક્ટર્સમાં એક અગ્રણી ચહેરા તરીકે ઉભરેલા અનિકેત મહતોએ આ પગલાંને 'વિજય' ગણાવ્યો હતો.




બેંગલુરુમાં iPhone 16 અને 16 Pro સિરીઝનું વેચાણ શરૂ થતાં Apple સ્ટોર પર મુલાકાતીઓની ભારે ભીડ જામી હતી.

### વાલીઓમાં ફફડાટ

## શાળાના કમ્પાઉન્ડમાંથી ૬ વર્ષીય વિદ્યાર્થીનીનો મૃતદેહ મળી આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

રાજ્યના દાહોદના સીંગવડના તોરણીમાં પ્રથમ ધોરણમાં અભ્યાસ કરતી ૬ વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. તોરણી પ્રાથમિક શાળામાંથી વિદ્યાર્થીનીનો મૃતદેહ મળ્યો હતો. બાળકીનો મૃતદેહ શાળાના કમ્પાઉન્ડમાંથી મળી આવ્યો હતો. શાળા છૂટ્યા બાદ બાળકી મોડે સુધી ઘરે પહોંચી નહોતી. બાળકી ઘરે ના પહોંચતા પરિવારજનો ચિંતામાં મૂકાયા હતા. પરિવારે શોધખોળ હાથ ધરી હતી, પરિવારજનોને બાળકી શાળાના કમ્પાઉન્ડમાંથી મળી આવતા તેને તાત્કાલિક લીમખેડા રેફરલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. ત્યાં ફરજ પર હાજર તબીબોએ મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ પોલીસને થતાં SP, LCBની ટીમો હોસ્પિટલ પહોંચી હતી. બાળકીનો મૃતદેહ લીમખેડાથી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે દાહોદની સિવિલમાં ખસેડ્યો હતો. બાળકીનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસે આ ઘટનાની ગંભીરતા લઈને તપાસ હાથ ધરી છે. જોકે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદ રેલવે મંડળના તમામ સ્ટેશન પર હવે ક્યૂઆર કોડથી ટિકિટ મળી શકશે

। (એજન્સી) કોલકાતા, તા.૨૦ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને પ્રક્રિયા સરળ અને ડિજિટલાઈઝેશન થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના અનુસંધાનમાં અમદાવાદ મંડળના તમામ રિઝર્વ્ડ અને અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર ક્યૂઆર કોડ મારફતે ચૂકવણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેનાથી મંડળ પર ૧૫ ઓગસ્ટથી ૧૬ સપ્ટેમ્બર સુધી ક્યૂઆર કોડ મારફતે રિઝર્વ્ડ ટિકિટ ભાડા ચૂકવણીમાં ત્રણ ગણો અને અનરિઝર્વ્ડ ટિકિટ ભાડા ચૂકવણીમાં દોઢ ગણો વધારો થયો છે. આ નવી શરૂઆત હેઠળ પહેલાં હવે અમદાવાદ મંડળના અમદાવાદ, મણિનગર, અસારવા, સાબરમતી તથા સરદારગ્રામ સ્ટેશનોના તમામ રિઝર્વ્ડ અને અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર ક્યૂઆર કોડ મારફતે રેલવે ટિકિટની ચૂકવણી સ્વીકાર કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હવે મંડળના તમામ રિઝર્વ્ડ અને અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર આ સુવિધા શરૂ કરવામાં આવી. જેનાથી યાત્રીઓને છૂટ્ટા પૈસા ન હોવા પર ટિકિટ ભાડાની ચૂકવણી કરવામાં થતી ઝંઝટથી છૂટકારો મળ્યો છે.

### કંગનાની 'ઈમર્જન્સી' મુદ્દે હાઈકોર્ટે સેન્સર બોર્ડને આપ્યો ઠપકો

## 'ભાજપ પોતાના જ સાંસદની ફિલ્મને અટકાવે તે શક્ય નથી'

### ફિલ્મની રીલિઝ અટકાવવા બદલ સેન્સર બોર્ડને ઠપકો આપતાં હાઈકોર્ટે કહ્યું હતું કે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સર્જનાત્મક આઝાદીને રુંધી શકાય નહિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

બોમ્બે હાઈકોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)ને ભાજપની સાંસદ કંગના રણૌતે બનાવેલી અને તેની જ મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ 'ઈમર્જન્સી'ને રીલિઝ કરવા અંગે આગામી તા. પચ્ચીસમી સપ્ટેમ્બર સુધીમાં નિર્ણય લેવા આદેશ આપ્યો છે. ફિલ્મની રીલિઝ અટકાવવા બદલ સેન્સર બોર્ડને ઠપકો આપતાં હાઈકોર્ટે કહ્યું હતું કે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સર્જનાત્મક આઝાદીને રુંધી શકાય નહિ. કાયદો અને વ્યવસ્થા કથળવાના ભયે સેન્સર કોઈ ફિલ્મનું સર્ટિફિકેટ અટકાવી શકે નહીં. ભાજપ દ્વારા રાજકીય કારણોસર કંગનાની ફિલ્મને અટકાવાઈ છે અને સેન્સર પર દબાણ છે તેવી આ ફિલ્મની સહ નિર્માતા કંપની અને અરજદાર ઝી સ્ટુડિયોની દલીલ ફગાવતાં હાઈકોર્ટે કહ્યું હતું કે ભાજપ પોતાના જ સાંસદની ફિલ્મને અટકાવે તે શક્ય નથી. ફિલ્મમાં શીખ સમુદાયનું ખોટી રીતે ચિત્રણ કરવામાં આવ્યું હોવાના મુદ્દે અનેક રજૂઆતો બાદ સેન્સર બોર્ડે આ ફિલ્મનું સર્ટિફિકેટ અટકાવી દેતાં ઝી સ્ટુડિયો દ્વારા બોમ્બે હાઈકોર્ટમાં સેન્સરને સર્ટિફિકેટ તત્કાળ જારી કરવાનો આદેશ આપવાની માંગ કરતી અરજી કરવામાં આવી હતી. જોકે, હાઈકોર્ટે તત્કાળ એવો આદેશ આપવાનો ઈન્કાર કરી સેન્સરને તેને મળેલી રજૂઆતો બાદ નિયત સમયમર્યાદામાં નિર્ણય લેવા કહ્યું હતું. આ કારણોસર આ ફિલ્મ તેની પૂર્વઘોષિત રીલિઝ ડેટ તા. છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ થિયેટર્સમાં રજૂ થઈ શકી ન હતી. બોમ્બે હાઈકોર્ટની જસ્ટીસ બર્ગેઝ કોલાબાવાલા તથા જસ્ટીઝ ફિરદૌસ પૂનીવાલાની ડિવિઝન બેન્ચે આ અરજીની સુનાવણી હાથ ધરી હતી.

### નક્સલવાદ માનવતા અને દેશની આંતરિક સુરક્ષા બંને માટે ખતરો છે

## અમિત શાહે નવી દિલ્હી સ્થિત પોતાના નિવાસસ્થાને છત્તીસગઢમાં નક્સલવાદી હિંસાનો ભોગ બનેલા લોકો સાથે વાતચીત કરી

। નવી દિલ્હી, તા.૨૦ ।

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને છત્તીસગઢમાં નક્સલવાદી હિંસાનો ભોગ બનેલા લોકો સાથે વાતચીત કરી હતી. તેમાં બસ્તર શાંતિ સમિતિના નેજા હેઠળ છત્તીસગઢના વામપંથી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારોના નક્સલવાદી હિંસાથી પ્રભાવિત ૫૫ લોકો સામેલ હતા.

બસ્તર શાંતિ સમિતિએ છત્તીસગઢમાં નક્સલવાદથી પ્રભાવિત લોકોની દુર્દશાને ઉજાગર કરતી એક ડોક્યુમેન્ટરી પણ રજૂ કરી હતી. કેટલાક પીડિતોએ તેમની દુર્દશા ગૃહ મંત્રી સાથે શેર કરી હતી.નક્સલવાદી હિંસાથી પીડિત લોકો સાથે વાતચીત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર માર્ચ, ૨૦૨૬ સુધી નક્સલવાદને સંપૂર્ણપણે ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે મોદી સરકારની નીતિઓને કારણે વામપંથી ઉગ્રવાદ હવે છત્તીસગઢના કેટલાક જિલ્લાઓ સુધી મર્યાદિત થઈ ગયો છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, નક્સલવાદ માનવતા અને દેશની આંતરિક સુરક્ષા એમ બંને માટે જોખમરૂપ છે.

શ્રી અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત સરકાર અને છત્તીસગઢ સરકાર આગામી ત્રણ મહિનામાં વામપંથી ઉગ્રવાદથી અસરગ્રસ્ત લોકોનાં સંપૂર્ણ વિકાસ માટે વિસ્તૃત યોજના લાવશે. તેમણે કહ્યું હતું કે, આ યોજના મારફતે છત્તીસગઢ સહિત સમગ્ર દેશમાં વામપંથી ઉગ્રવાદથી અસરગ્રસ્ત લોકોને સ્વાસ્થ્ય સુવિધાઓ, રોજગારીની



તકો અને અન્ય કલ્યાણકારી યોજનાઓનો લાભ મળશે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, વામપંથી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોમાં વિકાસલક્ષી યોજનાઓ દ્વારા મોદી સરકારે નક્સલીઓને સંદેશ આપ્યો છે કે મારનારથી બચાવનારો મોટો હોય છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું હતું કે, નક્સલવાદીઓના માનવાધિકારોની હિમાયત કરનારાઓએ પણ નક્સલવાદના કારણે જે લોકોને નુકસાન થાય છે તેમના માનવાધિકારો પર વિચાર કરવો જોઈએ.

ગૃહમંત્રીએ વામપંથી ઉગ્રવાદીઓને હિંસાનો માર્ગ છોડીને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાવા અપીલ કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, માર્ચ, ૨૦૨૬ સુધીમાં વામપંથી ઉગ્રવાદને સંપૂર્ણપણે નાબૂદ કરવાની સાથે બસ્તર ફરી એકવાર સુંદર, શાંતિપૂર્ણ અને વિકસિત થઈ જશે.

## મોડી રાત્રે દારૂના અડ્ડા પર અંધાધૂંધ ફાયરિંગમાં ૩ના મોત

। (એજન્સી) હરિયાણા, તા.૨૦ ।

હરિયાણાના રોહતક જિલ્લામાં રાહુલ બાબા અને પલોત્રા ગેંગ વચ્ચે ગેંગ વોરના સમાચાર સામે આવ્યા છે. ગુરુવારે મોડી રાત્રે મોટરસાઈકલ પર સવાર હુમલાખોરોએ રોહતકના સોનીપત રોડ પર બલિયાના મોડ પાસે દારૂના ઠેકાણા પર બેઠેલા ૫ યુવાનો પર અંધાધૂંધ ગોળીબાર કરીને ભાગી ગયા હતા. આ ફાયરિંગમાં ત્રણ યુવકોના મોત થયા છે, જ્યારે અન્ય બે ગંભીર રીતે ઘાયલ છે. ત્રણેય મૃતકોની ઓળખ જયદીપ (૩૦), અમિત નંદલ (૩૭) અને વિનય (૨૮) તરીકે થઈ છે. આ તમામ બોહર ગામના રહેવાસી છે. જેમાંથી અમિત નંદલ સુમિત પ્લોટરાનો નાનો ભાઈ હોવાનું કહેવાય છે. ગેંગ વોરના લીધે ત્રણ બાઈક પર સવાર આઠ-નવ યુવાનોએ ગુરુવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યે સોનીપત રોડના બલિયાના ટર્ન પર સ્થિત દારૂની દુકાન પાસે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં બોહર ગામના ત્રણ યુવાનોના મોત થયા હતા. માર્યા ગયેલા લોકોમાં જેલમાં બંધ સુમિત ઉર્ફે પ્લોટરાનો ભાઈ અમિત નંદલ ઉર્ફે મોનુ છે, જ્યારે બે યુવકો ગંભીર રીતે ઘાયલ છે. આ ઘટનાની જવાબદારી સોશિયલ મીડિયા પર જામીન પર બહાર આવેલા રાહુલ બાબા ગેંગના નામે લેવામાં આવી છે.

# ભારતના રાષ્ટ્રપતિએ ICAR-નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સેકન્ડરી એગ્રીકલ્ચરની શતાબ્દીની ઉજવણી કરી



। નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે (૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪) ઝારખંડના રાંચીમાં ICAR-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સેકન્ડરી એગ્રીકલ્ચર (NISA)ની શતાબ્દી ઉજવણીમાં હાજરી આપી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ખેતીને નફાકારક સાહસ બનાવવા ઉપરાંત ૨૧મી સદીમાં ખેતી સામે અન્ય ત્રણ મોટા પડકારો છે. તે ખોરાક અને પોષણ સુરક્ષા, સંસાધનોનો ટકાઉ ઉપયોગ અને આબોહવા પરિવર્તન જાળવી રહ્યું છે. તેણીએ જણાવ્યું હતું કે ગૌણ કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓ આ પડકારોને પહોંચી વળવામાં મદદ કરી શકે છે. ગૌણ ખેતીમાં પ્રાથમિક કૃષિ પેદાશોનું મૂલ્યવર્ધન તેમજ મધમાખી ઉછેર, મરઘાં ઉછેર, કૃષિ પ્રવાસન વગેરે જેવી અન્ય કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. તેણીએ જણાવ્યું હતું કે ગૌણ કૃષિ પ્રવૃત્તિઓ દ્વારા કૃષિ કચરાનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાય છે. તેઓ ઉપયોગી અને મૂલ્યવાન વસ્તુઓ બનાવવા માટે પ્રક્રિયા કરી શકાય છે. આ રીતે પર્યાવરણનું રક્ષણ થઈ શકશે અને ખેડૂતોની આવકમાં પણ વધારો થશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતમાં લાખનું ઉત્પાદન મુખ્યત્વે આદિવાસી સમુદાય દ્વારા કરવામાં આવે છે. તે તેમની આવકનો મહત્વપૂર્ણ સ્ત્રોત છે. તેણી એ નોંધીને ખુશ હતી કે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સેકન્ડરી એગ્રીકલ્ચરે સંશોધન અને વિકાસ તેમજ લાખ, નેચરલ રેઝિન અને ગુંદરના વ્યાપારી વિકાસ, લાખ-આધારિત કુદરતી પેઈન્ટ, વાર્નિશ અને કોસ્મેટિક ઉત્પાદનોનો વિકાસ; ફળો, શાકભાજી અને મસાલાઓની શેલ્ફ-લાઈફ વધારવા માટે લાખ-આધારિત કોટિંગનો વિકાસ માટે ઘણાં પગલાં લીધાં છે. તેમાં નાના નાના-પાયે લાખ પ્રોસેસિંગ યુનિટ અને ઈન્ટીગ્રેટેડ લાખ પ્રોસેસિંગ યુનિટના વિકાસનો સમાવેશ થાય છે;. તેણીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ તમામ પગલાં આદિવાસી ભાઈઓ અને બહેનોના જીવનધોરણને સુધારવામાં મદદ કરશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આજનો યુગ વિક્ષેપકારક ટેકનોલોજીનો યુગ છે. આપણે આ ટેક્નોલોજીનો લાભ લેવો પડશે. તે જ સમયે, આપણે તેમની આડઅસરોથી બચવું પડશે. તેણી એ નોંધીને ખુશ હતી કે NISAમાં ઓટોમેશન અને પ્લાન્ટ એન્જિનિયરિંગ વિભાગની સ્થાપના કરવામાં આવી છે જે રોબોટિક્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-સક્ષમ સાધનોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે નિસાએ લાખની ખેતીમાં સારું કામ કર્યું છે. પરંતુ, હજુ પણ એવા ઘણા ક્ષેત્રો છે જેમાં આપણે આગળ વધી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, ફાર્માસ્યુટિકલ્સ અને કોસ્મેટિક્સ ઉદ્યોગોમાં ઉચ્ચ ગુણવત્તાની લાખની માંગ છે. જો ભારતીય લાખની ગુણવત્તા, સપ્લાય ચેઈન અને માર્કેટિંગમાં સુધારો થશે તો આપણા ખેડૂતો તેને દેશ-વિદેશમાં સપ્લાય કરી શકશે અને વધુ સારા ભાવ મળશે.

## ન્યૂઝ બ્રિફ

### ૪૬ ટકા મુજબ મોંઘવારી ભથ્થા સહિત એરિયર્સ ચૂકવવાનો નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

ST કર્મચારીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ST કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો થયો છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ૪૬ ટકા મુજબ મોંઘવારી ભથ્થા સહિત એરિયર્સ ચૂકવવાનો નિર્ણય લેવાયો હોવાની જાહેરાત કરી છે. હાલ ચૂકવાતા ભથ્થાના એરિયર્સ પણ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના વાહન વ્યવહાર અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'રાજ્ય સરકાર દ્વારા એસ. ટી. નિગમના કર્મચારીઓને વર્તમાન સમયમાં ચૂકવવામાં આવતા મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે. હવેથી ૪૬ ટકા મુજબ મોંઘવારી ભથ્થા સહિત હાલ ચૂકવાતા ભથ્થાના એરિયર્સ પણ ચૂકવવા આવશે. આ નિર્ણયથી કુલ૧૨૫ કરોડ રૂપિયાથી વધુનો લાભ નિગમના કર્મચારીઓને મળશે.'

### ૩૦ લાખ રૂપિયાથી વધુનો મોહનથાળ પડી રહેતા મંદિર ટ્રસ્ટને ફટકો પડ્યો

। (એજન્સી) અંબાજી, તા.૨૦ ।

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો નિર્વિઘ્ને સંપન્ન થતા તંત્ર એ હાશકારો અનુભવ્યો છે. આ મેળામાં દૂર દૂરથી આવતા લાખોમાં ભક્તો માટે માતાજીના પ્રસાદ તરીકે વપરાતા મોહનથાળનો પ્રસાદ એજન્સીને બનાવવા આપ્યો હતો. યોગ્ય આયોજનના અભાવે ૧૦,૦૦૦થી વધુ કિલોનો મોહનથાળ પ્રસાદ પડી રહ્યો છે. જેની અંદાજિત કિંમત ૩૦ લાખ રૂપિયાથી વધુ થવા જાય છે. તાજેતરમાં અંબાજીમાં પરિક્રમા મહોત્સવમાં રાજકીય નેતાઓના જમણવારના ખર્ચનો વિવાદ હજુ સમ્યો નથી ત્યાં ૩૦ લાખની કિંમતનો મોહનથાળ પડયો રહેતા મંદિર ટ્રસ્ટમાંથી એજન્સીને બીલનું ચૂકવણું કરવામાં આવશે કે કેમ તે આવનાર સમય બતાવશે. ભાદરવી પૂનમ અગાઉ મોહનતાની પ્રસાદી બનાવવા અંગે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ભાવોને નહીં ખોલીને આ એજન્સીને બારોબાર ભાદરવી પૂનમ માટે મોહનથાળ બનાવવાનો કોન્ટ્રાક્ટર આપી દેવામાં આવ્યો હતો. અબાજીમાં ભાદરવી પૂનમનો મેળા સમાપન થતાં ૧૦,૦૦૦ થી વધુ કિલોનો મોહનથાળનો પ્રસાદ પડી રહ્યો છે.

# અમરેલીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવનિર્મિત બસ પોર્ટનું લોકાર્પણ કર્યું

। (એજન્સી) અમરેલી, તા.૨૦ ।





રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલીની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે શહેર અને જિલ્લાને રૂ.૨૯૨ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ, ખાતમૂહુર્ત અને નવીનીકરણના ત્રિવિધ પ્રકલ્પોની ભેટ આપી હતી. ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે ગુજરાતના વિકાસના રોડમેપનો ચિતાર આપતા જણાવ્યુ કે, વડાપ્રધાને એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ ધરાવતા બસપોર્ટ આપીને નાગરિકોનું ઈઝ ઓફ લિવિંગ વધારવાની શરૂઆત કરાવી છે. એ દિશામાં આગળ વધતા આજે અમરેલી ખાતે અત્યાધુનિક બસપોર્ટની શરૂઆત થઈ છે. અમરેલી ખાતે રૂ.૪૨.૪૮ કરોડના ખર્ચે નિર્મિત બસપોર્ટ અમરેલીવાસીઓ સહિત જિલ્લાના નાગરિકોને આવાગમનની આધુનિક સુવિધા ઉપલબ્ધ થઈ છે. આ અત્યાધુનિક એસ.ટી બસ પોર્ટના નિર્માણથી મુસાફરોને આરામદાયક સુવિધાઓ સાથે સગવડતાભરી મુસાફરીનો લાભ મળી રહેશે. એટલુ જ નહિ, આ બસપોર્ટ અમરેલી શહેરની એક નવી ઓળખ બની રહેશે. આ ઉપરાંત અમરેલીના ઐતિહાસિક રાજમહેલનું રૂ. ૨૫ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવનાર છે તેની શરૂઆત પણ મુખ્યમંત્રીએ કરાવી હતી. વડાપ્રધાનશ્રીએ આપેલા 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને સાકાર કરતાં આ રાજમહેલનું નવીનીકરણ કરાશે. આ તકે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે, તેમાં વિકસિત ગુજરાતનો રોડમેપ નિર્ધારિત કરીને આપણે ઝડપભેર આગળ વધવાનું છે. દરમિયાન વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ વિવિધ વિકાસકાર્યોની ઝલક રજૂ કરતા જણાવ્યુ કે, રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૭ કરોડના ખર્ચે નાવલી નદી પર રિવરફ્રન્ટ, સાંસ બંદર પર રૂ.૭૫ કરોડના ખર્ચે બ્રિજ, આંબરડી પાર્કને વિકસાવવા રૂ.૨૭ કરોડ, લાઠી સિવિલ હોસ્પિટલ માટે રૂ.૫૦ કરોડ, જિલ્લાકક્ષાના સ્પોર્ટ્સ સંકૂલના પ્રથમ તબક્કા માટે રૂ.૧૩ કરોડ, રાજમહેલ માટે રૂ.૨૫ કરોડ, ડીવાયએસપી ઓફિસ માટે રૂ.૯ કરોડ, રૂ.૯ કરોડના ખર્ચે મોર્ડન ફાયર સ્ટેશન, બાબરા-જેસંગપરા શાળા માટે રૂ.૩ કરોડ, ઠેબી ડેમ પર રિવરફ્રન્ટ માટે રૂ.૫૦ કરોડ, જિલ્લા સાયન્સ સેન્ટર માટે રૂ.૨૦ કરોડ ફાળવ્યા છે. આ ઉપરાંત અમરેલી શહેરના રોડ-રસ્તા માટે રૂ.૧૪૦ કરોડ, ગ્રામ્ય વિસ્તારના રોડ માટે રૂ.૧૦૦ કરોડ, અમરેલી-લિલિયા ફોરટ્રેક રોડ માટે રૂ.૨૩ કરોડ, સેન્ટર પોઈન્ટથી રાધેશ્યામ સુધીના આર.સી.સી.રોડ માટે રૂ.૧૨ કરોડ, સિવિલ હોસ્પિટલ માટે રૂ.૧.૫ કરોડના ખર્ચે રસ્તો, કુંકાવાવ તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તેમજ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ કોલેજ માટે રૂ.૩૬ કરોડના કાર્યોની મંજૂરી આપવામાં આવી છે. આમાંથી અમૂક કાર્યો સંપન્ન થયા છે અને અમુક કાર્યો દિવાળી આસપાસ કાર્યાન્વિત થવાના છે.

### આડેધડ વસૂલાતી ટ્રાન્સફર ફીમાં થશે મોટા ફેરફાર

# 33 વર્ષ બાદ હાઉસિંગ સોસાયટીના બદલાશે નિયમ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

૩૩ વર્ષ બાદ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સફર ફી માં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. ગુજરાતની કો-ઓપરેટિવ સોસાયટીઓ અને હાઉસિંગ સોસાયટીઓના ટ્રાન્સફર ફીના ધારાધોરણ નવેસરથી નક્કી કરાશે. નવા નિયમથી આડેધડ વસૂલાતી ટ્રાન્સફર ફી પર બ્રેક લાગશે. સાથે જ ટ્રાન્સફર ફી જંત્રીમાં દર્શાવેલી કિંમતની ટકાવારી મુજબની રહેશે અથવા તો દસ્તાવેજમાં દર્શાવેલી મકાન, ફ્લેટ કે દુકાનની કિંમત મુજબની રહેશે.

ગુજરાતમાં હાઉસીંગ કો.ઓપ. સોસાયટીમાં મિલ્કતોના થતા ખરીદ વેંચાણમાં ટ્રાન્સફર ફી અંગે છેક માર્ચ માસમાં રાજ્યની વિધાનસભાએ ખરડો પસાર કર્યો હતો. ગુજરાત વિધાનસભાએ ફેબ્રુઆરી માસમાં ધ ગુજરાત કો.ઓપ. સોસાયટી(સુધારા) બીલ-૨૦૨૪ મંજૂર કર્યુ હતું અને તે કાનુન બની ગયો હતો. પરંતુ હજુ સુધી નવા નિયમો બન્યા નથી. ત્યારે સૌથી પહેલા કો-ઓપરેટિવ સોસાયટીઓ અને હાઉસિંગ સોસાયટીઓના ટ્રાન્સફર ફી અંગે નિર્ણય લેવાઈ શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત સરકાર હવે ડેવલપમેન્ટ ચાર્જની વ્યવસ્થા જ નાબુદ કરે તેવી ધારણા છે. ગુજરાત કો.ઓ.સોસાયટી એકટ ૧૯૬૧માં આ સુધારા દાખલ કરાયા છે અને તેમાં સોસાયટી નિશ્ચિત ટ્રાન્સફર ફી કરતા વધુ ફી ઉઘરાવી શકે નહીં તે જોગવાઈ કરવામાં આવી છે. હાલના કાયદામાં ટ્રાન્સફર ફી અંગે કોઈ ચોકકસ જોગવાઈ નથી. દર વર્ષે ૧૫૦૦ હાઉસીંગ સોસાયટીઓ તો બની જાય છે, પરંતુ તેના કોઈ કાયદા કાનૂન નથી. દરેક પોતાની મનમરજીથી ટ્રાન્સફર ફી વસુલે છે. ત્યારે હવે આ મનમાની પર બ્રેક લાગશે. સરકારે તાજેતરમાં જ હાઉસીંગ સોસાયટીની નોંધણી માટે ઓછામાં ઓછા ૧૦ સભ્યોની જે જોગવાઈ છે તે ઘટાડીને ૮ સભ્યોની કરી હતી. ત્યારે હવે કયા કયા નિયમો લાગુ થઈ શકે છે તે જોઈએ. નવા નિયમો મુજબ કોઈપણ સોસાયટીનો કોઈપણ પ્રકાર હશે તેને ધ્યાનમાં લીધા વિના સોસાયટીના તમામ સભ્યોએ ટ્રાન્સફર ફી ભરવાની રહેશે. સરકારમાં નોંધણી કરાવેલી કોઈપણ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના હાલના મકાન માલિક પાસેથી જ્યારે કોઈ નવો સભ્ય મકાન, ફ્લેટ કે કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદે છે ત્યારે હાઉસિંગ સોસાયટી વહીવટ પેટે જે રકમ લે છે તેને ટ્રાન્સફર ફીની રકમ ગણવામાં આવે છે. આ ફીની રકમ ચૂકવીને મકાન કે ફ્લેટ ખરીદનાર નવો સભ્ય વિધિવત રીતે તે સોસાયટીનો સભાસદ બની જાય છે, અને તે સોસાયટી તરફથી પૂરી પડાતી તમામ સેવાઓનો લાભ ઉઠાવી શકે છે.

# અતિવૃષ્ટિગ્રસ્તોને નિયમાનુસાર કે વધુ સહાય પહોંચાડો : મુખ્યમંત્રી

### ગુજરાતમાં ચોમાસાની આ સિઝન દરમ્યાન રાજ્યની કુલ સરેરાશ વરસાદની સરખામણીમાં સરેરાશ ૧૨૫ ટકા વરસાદ પડ્યો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મંત્રીમંડળની બેઠક મળી હતી. જેમાં ખાસ કરીને બે મુદ્દે વિગતો ચર્ચા પણ થઈ છે અને મુખ્યમંત્રી કક્ષાએથી તે દિશામાં તાકીદે આમલ કરવા માટેના આદેશો પણ જારી કરાયાં છે. જેમાં મુદ્દો (૧) તાજેતરના વરસાદમાં ગુજરાતના જે જિલ્લા, તાલુકા કે ગામમાં જમીન-મકાન કે, ખેતી ક્ષેત્રે જે નુકશાન થયું છે. તેનું તાત્કાલિક સર્વે પૂરું કરાવીને અસરગ્રસ્તોને SDRF-NDRFના નિયમો મુજબ મળવાપાત્ર સહાય પહોંચાડો, જરુર પડે તો, સરકારના બજેટમાંથી પણ આ નિયમો ઉપરાંતની સહાય આપવા માટેનું એક ખાસ પેકેજ તૈયાર કરીને પણ અસરગ્રસ્તોની સહાય કરો. મુદ્દો (૨) નવેમ્બર-ડિસેમ્બરમાં જિલ્લા, તાલુકા, ગ્રામ અને નગરપાલિકાઓ અર્થાત સ્તાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે. તે વિસ્તારના પ્રભારી મંત્રીઓ જે તે વિસ્તારોની વિકાસ યોજનાઓના લોકાર્પણ કે ખાતમુહુર્ત કરવાની તાકીદે શરુઆત કરે.

સામાન્ય રીતે મંત્રીમંડળની બેઠક બુધવારે સવારે થતી હોય છે પણ આ વખતે RE-ઈન્વેસ્ચટ સમિટ-૨૦૨૪ના સમાપન પ્રસંગે દેશના ઉપ રાષ્ટ્રપતિ ધનખડે સવારે મહાત્મા મંદિરમાં ઉપસ્થિત હોવાથી મુખ્યમંત્રી, સવારે મંત્રીમંડળની બેઠક સવારે યોજી શક્યા ન હતા. જે સાંજે યોજાઈ હતી. દરમ્યાનમાં ૧૬મીએ ગુજરાત મુલાકાત દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી પણ ગુજરાતમાં અતિવૃષ્ટિની સ્થિતિમાં અસર પામેલાઓને તાકીદની સહાય બાબતે સરકારને માર્ગદર્શન આપ્યું હોવાથી મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી તરફથી આ બાબતે ચર્ચાની સાથોસાથ આદેશ અપાયા છે. ગુજરાતમાં ચોમાસાની આ સિઝન દરમ્યાન રાજ્યની કુલ સરેરાશ વરસાદની સરખામણીમાં સરેરાશ ૧૨૫ ટકા વરસાદ પડ્યો છે અર્થાત ૨૫ ટકા વરસાદ વધુ પડ્યો છે.

# અમદાવાદ મંડળ પર સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ માટે વિવિધ પ્રવૃત્તિઓ આયોજિત

। અમદાવાદ, તા.૨૦ ।




પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મનાવવામાં આવી રહેલા સ્વચ્છતા એ જ સેવા ૨૦૨૪ કાર્યક્રમ હેઠળ અમદાવાદ મંડળ પર મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માના માર્ગદર્શનમાં વિવિધ પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ મંડળ રેલવે મેનેજર કચેરી અમદાવાદમાં મંડળ રમતગમત સંઘ દ્વારા ટેબલ-ટેનિસ, ચેસ અને કેરમ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ અમદાવાદ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા રેલવે સંકુલોની સાફસફાઈની સાથે લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે વૉકાથોનનું આયોજન કર્યું. આ વૉકાથોન રિવરફ્રન્ટ ઉસ્માનપુરાથી શરૂ થયું અને એલિસબ્રિજ પર સમાપ્ત થયું. જેમાં અમદાવાદ ડિવિઝનના અધિકારી, કર્મચારી તેમના પરિવારજનો, સિવિલ ડિફેન્સ અને સ્કાઉટ & ગાઈડના લોકો સામેલ હતા. સૌએ સ્વચ્છતા અને સામુદાયિક ભાવનાને પ્રોત્સાહન આપવા માટે ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને શારીરિક ફિટનેસ બંનેના મહત્વ પર પ્રકાશ નાખ્યો. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ અમદાવાદ મંડળના વિવિધ લોકેશનો પર સફાઈ મિત્ર સુરક્ષા શિબિર હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું તથા સફાઈ કર્માચારીઓના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી. આ અભિયાન હેઠળ અમદાવાદ મંડળના અમદાવાદ હેલ્થ યુનિટ, રેલવે હોસ્પિટલ ગાંધીધામ, મણીનગર હેલ્થ યુનિટ, રેલવે હોસ્પિટલ સાબરમતી તથા અમદાવાદ, ગાંધીધામ અને ભુજ સ્ટેશનો પર સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અને હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ દરમિયાન સફાઈ મિત્રોની સ્વાસ્થ્ય તપાસ કરીને સુરક્ષા કિટનું વિતરણ કરવામાં આવ્યું. શિબિર દરમિયાન સફાઈ મિત્રોને કામ દરમિયાન પોતાના સુરક્ષા સંબંધી ઉપાયો, સુગમ સ્વાસ્થ્ય સેવાઓ અને સામાજિક કલ્યાણની યોજનાઓ વિશે પણ માહિતી આપવામાં આવી. આ અભિયાન હેઠળ ૨૩૦ થી વધારે સફાઈ મિત્રોનું સ્વાસ્થ્ય પરિક્ષણ કરવામાં આવ્યું અને સુરક્ષા કિટનું વિતરણ કરવામાં આવ્યું. આની હેઠળ ઉપરાંતમાં મંડળના વિવિધ લોકેશનો પર ચિહ્નિત કરવામાં આવેલા બ્લેક સ્પૉટની સફાઈ કરાવવામાં આવી.

### ગોતા વિસ્તારમાં રાજપૂત ભવન ખાતે ક્ષત્રિય સમાજનું ભવ્ય સંમેલન યોજાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

૨૦ સપ્ટેમ્બરને શુક્રવારે અમદાવાદના ગોતા વિસ્તારમાં રાજપૂત ભવન ખાતે ક્ષત્રિય સમાજનું ભવ્ય સંમેલન યોજાયું હતું. સંમેલનની શરૂઆત અને અંત બન્ને વિવાદાસ્પદ રહ્યા હતા. સંમેલન પહેલા ભાવનગરના યુવરાજે પોતાના વડીલોના દૂરઉપયોગ ના કરવા ચેતવણી આપી હતી, તો સંમેલનના દિવસે પદ્મિનીબા વાળા આયોજકો પર વિફર્યા હતા. જેના કારણે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન બબાલ સાથે પૂર્ણ થયું હતું.

# અમદાવાદના દેત્રોજ તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવી

### અન્નપ્રાસન અને બાળકના વિકાસના મહત્વ વિશે સગર્ભા, ધાત્રી બહેનોને સમજ આપતા કાર્યક્રમનું આયોજન કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।



અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દેત્રોજ તાલુકાના કટોસણ, બામરોલી કેન્દ્ર અને રૂદાતલ ૧ ખાતે પોષણ માસ અંતર્ગત અન્નપ્રાસન અને બાળકના વિકાસના મહત્વ વિશે સગર્ભા, ધાત્રી બહેનોને સમજ આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આંગણવાડી કેન્દ્ર ઉપર અન્નપ્રાસન દિનની ઉજવણીમાં હાજર બહેનોને આરોગ્ય અને પોષણની થીમ મુજબ બાળકના પ્રથમ ૧૦૦૦ દિવસના મહત્વ અંગે સમજ આપવામાં આવી હતી. તેમજ, આ બહેનોને આરોગ્યવર્ધક અને પોષણક્ષમ ખોરાક વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આઈસીડીએસ વિભાગના સિડીપીઓશ્રી, આંગણવાડીના મુખ્ય સેવિકા બહેનો, આંગણવાડી કાર્યકરો, બાળકો અને તેમની માતાઓ હાજર રહ્યા હતા.

### રાહુલે વિદેશમાં ભારતની શાખને નુકશાન પહોંચાડ્યું

# અનામત દૂર કરવાના રાહુલ ગાંધીના નિવેદનને ભારતીય જનતા પાર્ટીએ વખોડ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

વિદેશની ધરતી પર કોંગ્રેસના નેતા તેમજ વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ SC-ST અને OBC અનામત પર આપેલા નિવેદન મુદ્દે આજે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી ડૉ. પ્રેમચંદ બૈરવાજી તેમજ પ્રદેશ અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ ગૌતમભાઈ ગેડીયાએ પ્રેસ મીડિયાને સંબોધી. ડૉ.પ્રેમચંદ બૈરવાએ કહ્યું કે, રાજીવ ગાંધીએ મંડળ આયોગના રિપોર્ટ પર વિરોધ કર્યો હતો તેમજ ૧૯૯૦માં લોકસભામાં આનામતનો વિરોધ કર્યો અને મુસલમાનોને અનામત આપવાની વકીલાત કરી જે ડૉ.બાબા સાહેબ આંબેડકરજીના મૂળ બંધારણનો વિરોધ હતો. કોંગ્રેસ પાર્ટીએ ક્યારેય પણ સંવિધાનને મૂળભુત આરક્ષણ, સિદ્ધાંતોને નિયત રૂપે લાગુ કરવાની ઈચ્છા શક્તિ દર્શાવી નથી. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કોંગ્રેસના સાંસદ તેમજ લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીની બંધારણ વિરોધી માનસીકતા તેમજ વિદેશમા જઈ ભારતની શાખને નુકશાન પહોંચાડવાનુ કામ ફરી કર્યુ છે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ અમેરિકા ખાતે જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન એક નિવેદન આપ્યું હતું કે, "જ્યારે ભારત ભેદભાવયુક્ત દેશ બનશે, ત્યારે જ કોંગ્રેસ અનામત ખતમ કરવા માટે વિચારશે. જ્યારે તમે નાણાકીય આંકડા જુઓ છો, ત્યારે આદિવાસીઓને ૧૦૦ રૂપિયામાંથી ૧૦ પૈસા મળે છે.

# કચરામાંથી કંચન! ગણેશોત્સવનો પુજાપો એકત્રિત કરી ખાતર બનાવ્યું

। (એજન્સી) નવસારી, તા.૨૦ ।

ભારત વર્ષમાં ગણેશોત્સવને ખૂબ ધુમધામથી ઉજવવામાં આવે છે. પરંતુ ક્યારેક ભક્તિના અને ઉત્સવોના માહોલમાં આપણાથી જાણ્યે અજાણ્યે પર્યાવરણને નુકસાન થતું હોય છે. ગણેશ ઉત્સવમાં ગણપતિને સવાર-સાંજ દીવા આરતીની સાથે સાથે ફુલહાર દરોઇ ચઢાવવામાં આવતી હોય છે. જે ભગવાન ઉપરથી ઉતારી લીધા બાદ કચરામાં નાખવા અને પાણીમાં વહેવડાવવામાં આવે છે. જે એક રીતે કચરો જ બની જાય છે. પરંતુ કચરાનો યોગ્ય નિકાલ કરવાથી આ જ કચરામાંથી સોના રૂપ ખાતર બનાવી શકાય છે. નવસારી જલાલ પોર નગરપાલિકા દ્વારા ગણેશ ઉત્સવ દરમિયાન સવાર સાંજ નિકળતા પુજાપાના કચરાના યોગ્ય નિકાલની સુદ્રઢ વ્યવસ્થા છેલ્લા ત્રણ વર્ષથી કરવામાં આવી રહી છે. જેના થકી શહેરને કચરાથી મુક્ત કરવાની સાથે સાથે ભક્તોની લાગણીઓને પણ ઠેસ નથી પહોંચતી. અને કચરાનો ઉપયોગ ખાતર બનાવવા થવાથી એ ખાતર નગર પાલીકાના બાગબગીચામાં નાખવાથી ફુલ છોડને પણ ફાયદો પહોચે છે. સમગ્ર નવસારી નગરપાલિકામાં અંદાજીત ૯૦૦ ગણેશમંડળો છે. જ્યા નાની મોટી ગણેશમુર્તીની સ્થાપના કરવામાં આવી હતી. એક દિવસમાં અંદાજીત ૦૧ ટન ફુલહાર અને અન્ય સજાવટનો કચરો સ્વચ્છતા વાન દ્વારા એકઠ્ઠો કરવામાં આવતો હતો. આ કામગીરી માટે કુલ-૦૩ સ્વચ્છતા વાન અને અંદાજિત ૪૬ સફાઈ કર્મચારીઓ નિમવામાં આવ્યા હતા. આ ઉપરાંત નગરપાલિકા દ્વારા હેલ્પલાઈન નંબરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી જેના ઉપર કોલ કરવાથી સ્વચ્છતા વાન જે-તે સ્થળે કચરો એકત્ર કરવા પહોંચતા હતા. હેલ્પ લાઈન નંબરના કારણે તથા રોટરી ક્લબ, રોબીન હુડ આર્મી જેવા દ્રર્ય તથા જાગૃત ગણેશભક્તોના કારણે આસપાસના ગામના લોકોને આ કામગીરી અંગે જાણકારી મળતા ગામના નાગરિકો પણ પુજાપો આપી જતા હતા. સવાર સાંજ નિયમિત રીતે એકત્ર થતા આ કચરાને નગરપાલિકાના શાકભાજી માર્કેટ સેન્ટર ખાતે લાવવામાં આવતો હતો. સ્વચ્છતા કર્મચારીઓ દ્વારા ફુલહારના કચરામાંથી પ્લાસ્ટીક સહિત અન્ય અનઓર્ગેનિક કચરાને અલગ કરવામાં આવતો. આ સેન્ટર ખાતે ઉપલબ્ધ OWC મશીન એટલે કે ઓર્ગાનિક વેસ્ટ કન્વર્ટર મશીનમાં કચરાને નાખી અન્ય પ્રોસેસિંગ લીકવીડ જેવા પદાર્થોને મિક્ષ કરી ઓર્ગેનિક ખાતર બનાવવામાં આવે છે.

# થરા વિનય વિદ્યા મંદિર ખાતે " વિજ્ઞાન - ગણિત પ્રદર્શન" અને "કલા ઉત્સવ" યોજાયો

। (પ્રતિનિધી) થરા, તા.૨૦ ।


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

થરા વિનય વિદ્યા મંદિર ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરીત જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પાલનપુર આયોજીત ડૉ. સત્યેન્દ્રનાથ બોઝ શાળા વિકાસ સંકુલનો " વિજ્ઞાન - ગણિત પ્રદર્શન" અને "કલા ઉત્સવ" કરશનભાઈ આર. પટેલ ઉપપ્રમુખશ્રી કાંકરેજ આંજણા કેળવણી મંડળ,થરાના અધ્યક્ષ સ્થાને યોજાયો

આ પ્રસંગે ભરતકુમાર કે. પટેલ લાયઝન ઓફીસર ડીઈઓ કચેરી યશપાલસિંહ ટી વાઘેલા, કિસાન સંઘના કુરાભાઈ પટેલ, આચાર્ય સંઘના કાંતિભાઈ રાયગોર, ભવરલાલ ખંડેલવાલ, અભેસિંહ શિહોરી ડૉ.આર કે બ્રહ્મભટ્ટ, અનુભા વાઘેલા, ઝીણુભા વાઘેલા, ઉમેશભાઈ પ્રજાપતિ, ભારમલ ભાઈ પટેલ ઈશ્વરભાઈ બોકા એમવી પટેલ હરેશભાઈ એસ. ચૌધરી, નાથાભાઈ પટેલ, એન. બી ચેખલિયા,સીઆરસી,એસ.વી. એસ. કન્વીનર અને આચાર્ય શ્રી વિનય વિદ્યામંદિર થરા તથાતમામ ક્યુડીસીના આચાર્ય સ્પર્ધક બાળકો તેમના માર્ગદર્શક શિક્ષકો બાળકોમાં વિજ્ઞાન અને કલા પ્રત્યે રૂચિ વધે તે માટે પ્રોત્સાહીત કરવા ઊપસ્થિત રહયા હતા. શ્રી વિનય વિદ્યા મંદિર થરા ખાતે યોજાયેલ એસ.વી.એસ. કક્ષાના વિજ્ઞાન-ગણિત પ્રદર્શનનુંપરિણામ જાહેર થતાં પ્રથમ નંબર વિભાગ -૧ માં શ્રી નચિકેતા વિદ્યાલય ધાન્યની ઓળખ અને ફાયદા. વિભાગ-૨ માં મોડેલ સ્કૂલ થરા ની એન્ટી સ્લીપ એલાર્મ.

વિભાગ-૩માં શ્રી વિનય વિદ્યા મંદિર થરા ની સ્માર્ટ એગ્રીકલ્ચર.

વિભાગ-૪માં શેઠ શ્રી અ.ની. કુમ કુમ મંગલ મંદિર વિદ્યાલય ઉણ

વિભાગ-૫ માં સરકારી માધ્યમિક શાળા, જાખેલ. કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ લિંબાચિયા એ તથા આભાર વિધિ ઈશ્વરભાઈ પટેલે કરેલ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨